સ્વામિનારાયણ સત્સંગ પત્રિકા સમન્વિત


# સ્વામિનારાયણ પ્રકાશ

ડિસેમ્બર, ૨૦૨૪
વાર્ષિક લવાજમ રૂ. ૧૨૫/-



ગાંધીનગરના બી.એ.પી.એસ. 'સ્વામિનારાયણ અક્ષરધામ'માં પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજનાં કરકમળો દ્વારા તપોમૂર્તિ

## શ્રી નીલકંઠવર્ણીની વેદોક્ત પ્રતિષ્ઠા



**શ્રી નીલકંઠં હૃદિ ચિંતયામિ....**

પાટનગર ગાંધીનગર ખાતે તા. ૧૧-૧૧-૨૦૨૪, કાર્તિક શુક્લ દશમીની મંગલ પ્રભાતે તપોમૂર્તિ શ્રી નીલકંઠવર્ણીની મૂર્તિપ્રતિષ્ઠા કરી રહેલા પ્રગટ ગુરુહરિ મહંત સ્વામી મહારાજ.

વેદોક્ત ન્યાસવિધિ કરીને શ્રી નીલકંઠવર્ણીની મૂર્તિનાં અંગે અંગમાં દિવ્યતાનો આવિર્ભાવ કરતા મહંત સ્વામી મહારાજ.

**ગાંધીનગર ખાતે**
**સ્વામિનારાયણ અક્ષરધામમાં**
**પ્રગટ બ્રહ્મસ્વરૂપ પરમ પૂજ્ય**
**મહંત સ્વામી મહારાજનાં કરકમળો દ્વારા**

# તપોમૂર્તિ શ્રી નીલકંઠવર્ણીની પ્રાણપ્રતિષ્ઠા

ગાંધીનગર એટલે ગુજરાત રાજ્યની રાજધાની. સન ૧૯૭૧થી ગુજરાતની રાજધાની તરીકે અસ્તિત્વ ધરાવતું ગાંધીનગર ગુજરાતનું ગૌરવવંતું શહેર છે. પાટનગરની રાજકીય ગતિવિધિઓની સાથે સાથે આ નગર આધ્યાત્મિકતાનું પણ વિરલ કેન્દ્રસ્થાન બની ગયું છે.

બ્રહ્મસ્વરૂપ યોગીજી મહારાજના સંકલ્પે, સન ૧૯૯૨માં બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજે ગાંધીનગરમાં રચેલું 'સ્વામિનારાયણ અક્ષરધામ' ગુજરાતની આગવી ઓળખ બની ચૂક્યું છે. છેલ્લા ત્રણ દાયકાઓ કરતાં વધુ સમયથી આ અક્ષરધામ લાખો ભક્તો-ભાવિકોના આકર્ષણનું કેન્દ્ર બની રહ્યું છે. વિશ્વભરમાંથી અક્ષરધામના દર્શનાર્થે પધારતા હજારો મુમુક્ષુઓને અહીં શાંતિ, પવિત્રતા અને દિવ્યતાનો સહજ અનુભવ થાય છે.

ગાંધીનગરની હરિયાળી ભૂમિ પર રચાયેલા અક્ષરધામના પરિસરમાં સમયાંતરે નૂતન આયામો ઉમેરાતા જાય છે. વિક્રમ સંવત ૨૦૮૧ના કાર્તિક શુક્લ દશમી, તા. ૧૧-૧૧-૨૦૨૪ના રોજ આ પરિસરમાં વધુ એક નૂતન મુકુટમણિ સમાન છોગલું ઉમેરાયું. એ આયામ એટલે ભગવાન સ્વામિનારાયણના કિશોર સ્વરૂપ તપોમૂર્તિ શ્રી નીલકંઠવર્ણીની ૪૯ ફૂટ ઊંચી ખૂબ સુંદર મૂર્તિની સ્થાપના.

પરબ્રહ્મ ભગવાન સ્વામિનારાયણે આ ધરા પર ૪૯ વર્ષ



*'હમ તો એક સહજાનંદ ચરણ કે ઉપાસી...'*

તપોમૂર્તિ શ્રી નીલકંઠવર્ણી - ભગવાન શ્રી સ્વામિનારાયણનાં દિવ્ય ચરણકમળની પૂજા-વંદના કરતા મહંત સ્વામી મહારાજ.

સુધી રહીને અસંખ્ય મુમુક્ષુઓને આધ્યાત્મિક સુખ આપ્યું હતું, તેની સ્મૃતિમાં અહીં ૪૯ ફૂટ ઊંચી શ્રી નીલકંઠવર્ણી મહારાજની તપોમૂર્તિ સ્થાપિત કરવાનો અદ્‌ભુત અવસર યોજાયો હતો.

વળી, આજે યોગાનુયોગ કાર્તિક સુદિ દશમી તિથિનો વિરલ સંયોગ એ હતો કે ભગવાન સ્વામિનારાયણે શ્રી નીલકંઠવર્ણી સ્વરૂપે મુક્તિનાથ(નેપાળ)માં, હિમાલયની અન્નપૂર્ણા પર્વતમાળામાં ચાતુર્માસમાં ૨ મહિના અને ૨૦ દિવસ સુધી તપસ્યા કરી હતી, તેનો આજે પૂર્ણાહુતિ દિન હતો. નીલકંઠવર્ણી મહારાજે જે તપોમુદ્રામાં તપશ્ચર્યા કરી હતી એ જ મુદ્રામાં અત્યારે તેઓની સ્થાપના થઈ રહી હતી. વિશેષ સ્મરણીય બાબત તો એ હતી કે ભારતમાં અત્યાર સુધીની નીલકંઠવર્ણીની ઊંચામાં ઊંચી આ મૂર્તિ સ્થપાઈ રહી હતી. ગત વર્ષે પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજે અમેરિકાના રોબિન્સવિલ ખાતેના 'સ્વામિનારાયણ અક્ષરધામ'માં ૪૯ ફૂટ ઊંચી આવી જ મૂર્તિની સ્થાપના કરી હતી. આજદિન સુધીમાં લાખો દર્શનાર્થીઓએ તેનાં દર્શનનો લાભ લીધો છે. આજે પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજની પ્રેરણાથી ગાંધીનગર સ્થિત અક્ષરધામમાં એ તપોમૂર્તિ નીલકંઠવર્ણીની પ્રતિષ્ઠા થઈ રહી હતી. આ મૂર્તિના નિર્માણમાં સ્વામીશ્રીએ ખૂબ જ ઊંડો રસ લઈને તેના એકેએક અંગનો સુંદર ઓપ અપાવ્યો હતો. આ સર્વાંગ સુંદર મૂર્તિની પ્રતિષ્ઠાનો આજે સૌને અનેરો આનંદ હતો.

મૂર્તિપ્રતિષ્ઠાના આ પાવન અવસરે વહેલી સવારે 'વિશ્વશાંતિ મહાયાગ' યોજાયો હતો. સવારના ૪:૦૦ વાગ્યાથી હજારો યજમાન હરિભક્તોએ યજ્ઞવિધિનો લાભ પ્રાપ્ત કરીને શ્રી નીલકંઠવર્ણી મહારાજને અંજલિ અર્પી હતી.

યજ્ઞની સમાપ્તિ બાદ બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજના જન્મ-નક્ષત્ર શતભિષામાં શ્રી નીલકંઠવર્ણી મહારાજનો પૂર્વ પ્રતિષ્ઠાવિધિ આરંભાયો. શ્રુતિપ્રકાશદાસ સ્વામીએ સવારના બ્રાહ્મમુહૂર્તમાં વિધિ આરંભ્યો. પૂજ્ય ત્યાગવલ્લભદાસ સ્વામી, પૂજ્ય વિવેકસાગરદાસ સ્વામી અને પૂજ્ય

આનંદસ્વરૂપદાસ સ્વામીએ શ્રી નીલકંઠવર્ણીના વામ ચરણ સમક્ષ બેસીને અને પૂજ્ય ભક્તિપ્રિયદાસ સ્વામી અને પૂજ્ય ઈશ્વરચરણદાસ સ્વામીએ શ્રી નીલકંઠવર્ણીના મુખારવિંદ સન્મુખ ક્રેનમાં બિરાજીને પ્રતિષ્ઠાનો પૂર્વ વિધિ આરંભ્યો. યજમાન હરિભક્તો નીલકંઠવર્ણીની સન્મુખ આસનસ્થ થઈને પૂજનમાં જોડાયા હતા. વિધિને અનુસરતાં સંતોએ પ્રથમ પ્રતિષ્ઠાનો સંકલ્પ અને ત્યારબાદ મૂર્તિનાં વિભિન્ન અંગોમાં ન્યાસવિધિ કર્યો. બાદ સંતો-ભક્તોએ શ્રી નીલકંઠ-વર્ણીના ૧૦૮ નામનો જાપ અને શ્રી સહજાનંદ નામાવલિનો જાપ કર્યો હતો.

પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજ પૂજન-પ્રતિષ્ઠા માટે પધાર્યા ત્યારે તેઓ પણ ક્રેનમાં બિરાજમાન થઈને શ્રી નીલકંઠવર્ણીની સન્મુખ ઉત્તરાર્ધ વિધિમાં જોડાયા. ભગવાન સ્વામિનારાયણે નીલકંઠવર્ણીવેશે ભારતનાં તીર્થોની યાત્રા કરી હતી, તે પ્રસાદીભૂત ૫૫૫ તીર્થોનાં જળ વડે સ્વામીશ્રીએ પ્રથમ શ્રી નીલકંઠવર્ણી મહારાજનો અભિષેક કરીને પૂજનવિધિનો મંગલ પ્રારંભ કર્યો હતો. બાદ સ્વામીશ્રીએ મૂર્તિના હૃદય પર સ્પર્શ કરીને પ્રાણન્યાસવિધિ કર્યો. સૌએ આ ક્ષણને હર્ષભેર વધાવી. પ્રાણન્યાસ બાદ અક્ષત વડે નીલકંઠવર્ણીને વધાવ્યા. વિવિધ શુભ સંકલ્પોની પરિપૂર્તિ માટેનો વિધિ થયો. ૧૧ વખત ઓમકારનો નાદ કરવામાં આવ્યો. મૂર્તિના કર્ણમાં સ્વામીશ્રીએ ગાયત્રીમંત્રનો જપ કર્યો. ત્યારબાદ શલાકા વડે નેત્રો ઉદ્‌ઘાટિત કરીને દર્પણમાં મુખદર્શન કરાવ્યું. ભાલે ચંદનનો ચાંદલો કરીને અર્ચા-પૂજન કર્યું. સૂર્ય-ચંદ્ર તપે ત્યાં સુધી નીલકંઠવર્ણી મહારાજ અહીં વિરાજમાન રહીને સૌને દર્શનસુખ આપે તે માટે પ્રાર્થના કરી. પ્રેમપૂર્વક થાળ ધરાવ્યો. ત્યારબાદ સ્વામીશ્રીએ નવચિહ્‌ન અંકિત શ્રી નીલકંઠવર્ણીના જમણા ચરણનું પૂજન કર્યું હતું.

પરમ પૂજ્ય સ્વામીશ્રી શ્રી નીલકંઠવર્ણીની પ્રતિષ્ઠા કરીને સૌની વચ્ચે પધાર્યા. ત્યારબાદ અહીં સૌના શુભ સંકલ્પોની પરિપૂર્તિ થાય તેવી મંગલ પ્રાર્થનાઓ સાથે સ્વામિનારાયણ મહામંત્રનો જાપ કર્યો હતો. સ્વામીશ્રી સહિત સંતો-ભક્તોએ શ્રી નીલકંઠવર્ણી મહારાજની પ્રથમ આરતી ઉતારીને મંત્રપુષ્પાંજલિ સમર્પિત કરી હતી. તે સાથે જ ડ્રોન દ્વારા શ્રી નીલકંઠવર્ણી પર પુષ્પવર્ષા કરવામાં આવી હતી. પુષ્પાંજલિ બાદ સ્વામીશ્રીએ સમગ્ર પૃથ્વીવાસી મનુષ્યો કોઈ પણ જ્ઞાતિ-જાતિના ભેદભાવ વિના આ મૂર્તિનાં દર્શન કરી શકે તે માટે ઉત્સર્જન સંકલ્પ સાથે આ નીલકંઠ વાટિકાનું સૌના હિત માટે લોકાર્પણ કર્યું હતું.

તપોમૂર્તિ શ્રી નીલકંઠવર્ણી મહારાજનો પ્રાણ-પ્રતિષ્ઠાવિધિ સંપન્ન થયો તેના આનંદને અભિવ્યક્ત કરતાં વરિષ્ઠ સંતોએ કલાત્મક હાર અને અર્ચા-ચાદર અર્પણ કરીને સ્વામીશ્રીને વધાવ્યા હતા.

ત્યારબાદ સ્વામીશ્રી અને વરિષ્ઠ સંતો શ્રી નીલકંઠવર્ણી મહારાજ જે પીઠિકા પર વિરાજમાન છે તે પીઠિકા પર આસનસ્થ થયા. શ્રી નીલકંઠવર્ણી મહારાજની સુંદર મૂર્તિની અહીં ભેટ આપવા બદલ અક્ષરવત્સલદાસ સ્વામીએ સૌ વતી સ્વામીશ્રીનો આભાર માન્યો હતો. મૂર્તિના નિર્માણમાં વિશેષ માર્ગદર્શન આપનાર પૂજ્ય ઈશ્વરચરણદાસ સ્વામીએ પ્રાસંગિક ઉદ્‌બોધનમાં કહ્યું: ‘‘સન ૧૯૭૦માં યોગીજી મહારાજ અહીં


॥ શ્રીસ્વામિનારાયણો વિજયતે ॥



गुणातीतोऽक्षरं ब्रह्म भगवान् पुरुषोत्तमः।
जनो जानन्निदं सत्यं, मुच्यते भवबन्धनात्॥

# સ્વામિનારાયણ પ્રકાશ

**સ્વામિનારાયણ સત્સંગ પત્રિકા**

**વર્ષ : ૮૬, અંક : ૧૨, ડિસેમ્બર, ૨૦૨૪**

**સંસ્થાપક:** બ્રહ્મસ્વરૂપ શાસ્ત્રીજી મહારાજ સ્વામીશ્રી યજ્ઞપુરુષદાસજી

**પોષક :** બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજ

સન ૧૯૩૮, શરદપૂનમથી પ્રારંભાયેલું, દર માસની ૧લી તારીખે પ્રકાશિત થતું, શીલ, સંસ્કાર, ભક્તિ-ઉપાસનાની પુષ્ટિ કરતું સંપ્રદાયનું સૌથી જૂનું સામયિક ‘સ્વામિનારાયણ પ્રકાશ’ બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સંસ્થાનું રજિસ્ટર્ડ મુખપત્ર છે. સન ૧૯૫૫થી સંસ્થાનું દર એકાંતર સોમવારે પ્રકાશિત થતું પાક્ષિક, બ્રહ્મસ્વરૂપ યોગીજી મહારાજ સ્વામી જ્ઞાનજીવનદાસજી દ્વારા સ્થાપિત ‘સ્વામિનારાયણ સત્સંગ પત્રિકા’ ૪૫ વર્ષ બાદ ૨૦૦૧થી ‘સ્વામિનારાયણ પ્રકાશ’માં સંમિલિત કરવામાં આવ્યું છે.

**પ્રકાશક** : સ્વામિનારાયણ અક્ષરપીઠ
**તંત્રી** : સાધુ સ્વયંપ્રકાશદાસ
**પરામર્શકો** : સાધુ ઈશ્વરચરણદાસ, સાધુ વિવેકસાગરદાસ
**સંપાદકો** : સાધુ અક્ષરજીવનદાસ, સાધુ અક્ષરવત્સલદાસ
**કલાનિર્દેશક** : સાધુ શ્રીજીસ્વરૂપદાસ
**વ્યવસ્થાપક**: સાધુ નિખિલેશદાસ
**મૂળ વાર્ષિક લવાજમ** : રૂા. ૧૯૦/-
**ઘટાડેલું લવાજમ** : રૂા. ૧૨૫/-
**પરદેશમાં લવાજમ** : £ ૧૫ (યુરોપ)
: $ ૨૫(યુ.એસ.એ.)

લેખો અંગે પત્રવ્યવહાર:
**prakash@in.baps.org**
**‘પ્રકાશ-પત્રિકા’ સંપાદન કાર્યાલય,**
સ્વામિનારાયણ અક્ષરપીઠ, અમદાવાદ - ૩૮૦ ૦૦૪.

લવાજમ અંગે પત્રવ્યવહાર:
**magazines@in.baps.org**
**‘પ્રકાશ-પત્રિકા’ લવાજમ કાર્યાલય,**
**સ્વામિનારાયણ અક્ષરપીઠ, અમદાવાદ-૪.**

**Website:**
**www.baps.org, magazines.baps.org**

ગાંધીનગર પધારેલા અને મંદિરની સામે જે વડલો છે, ત્યાં પધરામણી કરેલી. તે વખતે તેમણે ભવિષ્યમાં મંદિર થાય તેવા આશીર્વાદ આપેલા. પ્રમુખસ્વામી મહારાજે અહીં ભગવાન સ્વામિનારાયણ દ્વિશતાબ્દી મહોત્સવ પર્વે અક્ષરધામનું નિર્માણ કર્યું. તે વખતે પ્રમુખસ્વામી મહારાજ બોલેલા કે 'અક્ષરધામમાં જે મહારાજનું સ્વરૂપ છે એ જ સ્વરૂપ અત્યારે અહીંયાં બિરાજમાન છે.' તેમના આશીર્વાદથી ઉત્તરોઉત્તર આ સ્થાનનો વિકાસ થતો ગયો.

આવા પવિત્ર સ્થાનમાં તપોમૂર્તિ શ્રી નીલકંઠવર્ણીની મૂર્તિ પધરાવવાનો સંકલ્પ પૂજ્ય મહંત સ્વામી મહારાજે કર્યો. એ સંકલ્પને આધારે નીલકંઠવર્ણી મહારાજની મૂર્તિની રચના થઈ અને આજના શુભ દિવસે મૂર્તિપ્રતિષ્ઠાવિધિ થયો.'' એમ કહીને તેમણે ભગવાન સ્વામિનારાયણે કિશોરવયે કરેલી કઠિન કલ્યાણયાત્રાની ઝાંખી કરાવી હતી. આ ઉપરાંત તેમના તપોમય વિચરણની સ્મૃતિ કરીને તેમણે આજના સમયમાં 'મહંતજી વ્રત' કરી રહેલાં બી.એ.પી.એસ.નાં હજારો ભાઈઓ-બહેનોને બિરદાવ્યાં અને કહ્યું, ''નીલકંઠવર્ણીએ કૃપા કરીને આપણને આ તપશ્ચર્યાનો મહિમા સમજાવ્યો છે. તેમનું વન-વિચરણ, એમની તપશ્ચર્યા અને તેમણે જે રીતે કષ્ટો સહન કર્યાં એની આપણને નિરંતર સ્મૃતિ થાય, એનું દર્શન થાય એટલા માટે આ તપોમૂર્તિ શ્રી નીલકંઠવર્ણી મહારાજની સ્થાપના અહીંયાં પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજે કરી છે.''

અંતમાં સૌને આશીર્વચનોથી કૃતાર્થ કરતાં સ્વામીશ્રીએ જણાવ્યું:

''આ ભવ્ય અને સુંદર તપોમૂર્તિ નીલકંઠવર્ણી મહારાજની મૂર્તિનાં દર્શન કરીને મન સ્થિર થઈ ગયું!

આજે ગાંધીનગરમાં આ ભવ્ય તપોમૂર્તિ બિરાજમાન થઈ છે તો નીલકંઠવર્ણીનો વિચાર કરવો કે કેવા ભગવાન છે!? એમણે બહુ ગજબનું તપ કર્યું. આપણી કલ્પનામાં ન આવે એવી રીતે ૬-૬ મહિના સુધી હિમાલયમાં રહ્યા. એ પણ માત્ર વાયુ ભરખીને! એ તપની કલ્પના થાય એવી નથી! આજનાં આધુનિક સાધનોથી પણ આવું તપ કરી શકાય નહીં. અને તે વખતે ભરખી જાય તેવાં જંગલી પ્રાણીઓની વચ્ચે પણ નિર્ભય થકા શ્રીજીમહારાજે તપ કર્યું. તેઓને શું સ્વાર્થ હતો? તેઓ બધાનું કલ્યાણ કરવા જ નીકળ્યા હતા.

આ તપોમૂર્તિ નીલકંઠવર્ણી મહારાજની મૂર્તિનાં જે જે દર્શન કરે તેઓના સર્વે સંકલ્પો પૂરા થાય અને બધાને તપ કરવાની પ્રેરણા મળે તે ખાસ પ્રાર્થના. આપણે થોડી થોડી પણ તપની રુચિ વધારવી. આ તપસ્વી મૂર્તિમાંથી આપણે તપ કરવાની પ્રેરણા પ્રાપ્ત કરવી.

આ તપોમૂર્તિ નીલકંઠવર્ણી મહારાજની મૂર્તિની જેમણે સેવા કરી છે અને આજે મહાયજ્ઞમાં ભાગ લીધો છે તે બધા સર્વપ્રકારે સુખી થાય અને તેમના જીવનમાં સત્સંગની દૃઢતા થતી રહે એ જ પ્રાર્થના...''

આમ, સ્વામીશ્રી, વરિષ્ઠ સંતો અને હરિભક્તોની ઉપસ્થિતિમાં અક્ષરધામ પરિસરમાં શ્રી નીલકંઠવર્ણી મહારાજ ધામધૂમથી વિરાજમાન થઈ ગયા! ◆

૫૫૫ તીર્થોનાં પવિત્ર જળ વડે અભિષેક કરીને શ્રી નીલકંઠવર્ણીને વધાવતા મહંત સ્વામી મહારાજ.


તપોમૂર્તિ શ્રી નીલકંઠવર્ણીને ખૂબ ભાવપૂર્વક થાળ ધરાવતા મહંત સ્વામી મહારાજ...





# સ્વામિનારાયણ સત્સંગ પત્રિકા

પ્રગટ બ્રહ્મસ્વરૂપ મહંત સ્વામી મહારાજના સત્સંગ સમાચાર



## સોરઠ પ્રદેશના ભક્તોને સત્સંગનું અમૃતપાન કરાવતા સ્વામીશ્રી...

પરબ્રહ્મ ભગવાન સ્વામિનારાયણે સૌરાષ્ટ્રની ખમીરવંતી ધરાને અનેકવાર પાવન કરેલી છે. જૂનાગઢમાં ભવ્ય મંદિર કરાવીને પોતાને રહેવાનું ધામ ગુણાતીતાનંદ સ્વામીને તે મંદિરના 'મહંત' નીમ્યા. અક્ષરબ્રહ્મ ગુણાતીતાનંદ સ્વામીએ જૂનાગઢમાં ૪૦ વર્ષ સુધી કથાવાર્તા-ભજન-ભક્તિની ધૂણી ધખાવીને સૌરાષ્ટ્રના અસંખ્ય હરિભક્તોને સત્સંગનાં અમૃત પાયાં હતાં. ત્યારપછી ગુણાતીત ગુરુઓએ આ સોરઠ પ્રદેશની ભૂમિ પર વારંવાર પધારીને ગુણાતીત બાગને ખીલવ્યો છે. ગુણાતીતના આ વારસાને જાળવી રાખતા તેમના છઠ્ઠા આધ્યાત્મિક અનુગામી પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજ જૂનાગઢ પધાર્યા હતા.

તાજેતરમાં મુંબઈ ખાતે સ્વામીશ્રીએ એક વાક્યમાં લખ્યું હતું: 'ગુણાતીતભાવે સોરઠ રંગવું છે...' આ જ ઉદ્દેશ સાથે જૂનાગઢ પધારેલા સ્વામીશ્રીએ તા. ૧-૧૦-૨૦૨૪થી તા. ૧૩-૧૦-૨૦૨૪ સુધી જૂનાગઢમાં બિરાજીને દિવ્ય સત્સંગલાભ આપ્યો હતો. આઠ વર્ષના અંતરાલ બાદ જૂનાગઢ પધારેલા સ્વામીશ્રીનું સતત તેર દિવસ સુધી સાંનિધ્ય પામીને સૌરાષ્ટ્રના હજારો હરિભક્તો-ભાવિકો ધન્યતાથી છલકાઈ ઊઠ્યા હતા. જૂનાગઢ ખાતે સ્વામીશ્રીએ આપેલા દિવ્ય સત્સંગલાભની અહીં અલ્પ ઝાંખી પ્રસ્તુત છે...

## ■ આગમન

તા. ૧-૧૦-૨૦૨૪ના રોજ પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજ મુંબઈથી સંતો-હરિભક્તોની ભાવભરી વિદાય લઈને હવાઈ માર્ગે કેશોદના ઍરપોર્ટ પર પધાર્યા. અહીં ઉપસ્થિત સંતો-ભક્તોને દર્શન આપી સ્વામીશ્રી બાઇક સવાર યુવકો-હરિભક્તોના એસ્કોર્ટિંગ સાથે જૂનાગઢ સ્થિત બી.એ.પી.એસ. સ્વામિનારાયણ મંદિરે પધાર્યા. સ્વામીશ્રીના આગમનને વધાવતાં હરિભક્તોએ જય જયકાર ગુંજાવ્યો. સૌ પર કૃપાદૃષ્ટિ કરતાં સ્વામીશ્રી સભામંડપમાં પધાર્યા. અહીં ચાતક નજરે દર્શનની રાહ જોઈ રહેલા હરિભક્તો-ભાવિકો ગુરુહરિનાં દર્શનથી પુલકિત થઈ ઊઠ્યા અને જયનાદોથી ઈષ્ટદેવ-ગુરુદેવને સત્કાર્યા.

આઠ વર્ષ બાદ જૂનાગઢને આંગણે પધારેલા સ્વામીશ્રીનું સંતોએ શબ્દસુમનથી સ્વાગત કર્યું. વિવિધ તપ-વ્રત કરનાર તપસ્વી સંતો-હરિભક્તો પર સ્વામીશ્રીએ આશીર્દૃષ્ટિ કરી. સૌ ભક્તો વતી જૂનાગઢ મંદિરમાં સેવા આપતા સંતોએ ૯૧ ફૂટ લાંબો કલાત્મક પુષ્પનો હાર સ્વામીશ્રીને પહેરાવ્યો, જે હાર નીચે બેઠેલાં અગ્રેસર કાર્યકરો પણ સ્પર્શી રહ્યા હતા. સ્વામીશ્રીએ તેઓની પ્રેમલ રીત પ્રમાણે પ્રત્યેક સંતના મસ્તક પર હાથ મૂકીને શુભાશિષ અર્પ્યા. ત્યારબાદ સૌને 'જય સ્વામિનારાયણ' કરીને નિજનિવાસે પધાર્યા.

## ■ સ્વાગત દિન

તા. ૩-૧૦-૨૦૨૪ના રોજ સ્વામીશ્રીને જૂનાગઢના આંગણે સત્કારતો 'સ્વાગત દિન' ઊજવાયો હતો. ધૂન-પ્રાર્થનાગાનથી આરંભાયેલી સ્વાગત-સભામાં પધારેલા ઈષ્ટદેવ-ગુરુદેવનું બાળ-યુવાવૃંદે *'આજ શુભ દિન આયો ધરા પર...'* કીર્તન પર નૃત્ય કરી ઉમંગભર્યું સ્વાગત કર્યું. નૃત્યવંદના બાદ મહાપૂજાના વૈદિક મંત્રોચ્ચારની વચ્ચે નિયત સંતો-હરિભક્તોએ અક્ષરપુરુષોત્તમ મહારાજ અને સ્વામીશ્રીનું ષોડશોપચારથી પૂજન કર્યું હતું. સ્વામીશ્રીએ પ્રત્યેક સંત-હરિભક્તને હાથ જોડી ખૂબ મલકતાં દર્શન આપ્યાં હતાં. પૂજનવિધિ બાદ બ્રહ્મતીર્થદાસ સ્વામીશ્રીએ 'મોરબી મંદિરમાં નિજમંદિરના પ્રથમ સ્તંભનું રોપણ થયું' તેનો અહેવાલ આપી મંદિરકાર્ય માટે અને રાજકોટમાં રચાનાર નૂતન વિદ્યામંદિરના નિર્માણકાર્ય માટે શુભાશિષ લીધા.

અંતમાં સૌને આશીર્વાદથી કૃતાર્થ કરતાં સ્વામીશ્રીએ કહ્યું: ''આપણને સત્સંગ મળ્યો છે તેનો મહિમા શ્રીજીમહારાજે સ્વયં કહ્યો છે : 'અનંત બ્રહ્માંડનો રાજા હોય પણ જો તેને સત્સંગ ન મળ્યો હોય તો તેનું જીવન અલેખે છે.'... ચિંતામણિ જેવો સત્સંગ મળ્યો છે, પણ આપણને જ્ઞાન જોઈએ કે 'શું સત્સંગ છે? આપણે શું કરીએ છીએ? શું કરવાનું છે?' તો સત્સંગ લેખે લાગે. નહીં તો બાળકના હાથમાં ચિંતામણિ હોય, તે રમકડાની જેમ ફેરવ્યા કરે એવું થાય. એટલે આવો દુર્લભ સત્સંગ છે, એ જેમતેમ ફેંકી ના દેવો. તેને જતન કરીને જબરજસ્ત, પાકે પાયે રાખવો.'' આશીર્વાદની સમાપ્તિ બાદ સ્વામીશ્રી સંગે સૌએ ઠાકોરજીની સમૂહ આરતીનો લાભ પ્રાપ્ત કર્યો હતો.

● તા. ૪-૧૦-૨૦૨૪ના રોજ સ્વામીશ્રીએ જાલણસર અને રાણાવાવ ખાતે રચાયેલા બી.એ.પી.એસ. મંદિરમાં પ્રતિષ્ઠિત થનારી મૂર્તિઓનો વેદોક્ત પ્રતિષ્ઠાવિધિ કર્યો હતો. વળી, આજે જૂનાગઢ શહેરના ૪૦૦૦થી વધુ ભક્તો-ભાવિકોને સ્વામીશ્રીએ ખૂબ શાંતિથી, સૌને સંતોષ થાય તે રીતે સમીપદર્શન આપ્યાં હતાં.

## ■ વિદ્યામંદિર દિન

તા. ૫-૧૦-૨૦૨૪ના રોજ સ્વામીશ્રીના સાંનિધ્યમાં બી.એ.પી.એસ. વિદ્યામંદિર-જૂનાગઢના વિદ્યાર્થીઓએ 'વિદ્યામંદિર દિન' ઊજવ્યો હતો. સ્વામીશ્રીના આગમન બાદ વિદ્યામંદિરના ૬૯ બાળકોએ 'સિમ્ફની' કાર્યક્રમ રજૂ કર્યો હતો. ત્યારબાદ 'પૂર્ણ વિદ્યાર્થી' મધ્યવર્તી વિચાર સાથે યોજાયેલી સભામાં આ જ શીર્ષક સાથેનો સંવાદ પ્રસ્તુત થયો હતો. જેમાં, વિદ્યામંદિરમાં વિદ્યાર્થીના સર્વાંગી વિકાસ માટેનાં સુઆયોજનો અને યથાર્થ અમલીકરણ દર્શાવાયાં હતા. સંસ્કાર-અધ્યાત્મ-ચારિત્ર્ય વગેરે જીવન ઘડતરના પાઠો શીખવતા આ વિદ્યામંદિરમાં વિદ્યાર્થી ઉપરાંત તેનો પરિવાર પણ સુખી-સંસ્કારી અને વ્યસનમુક્ત થાય છે. તેવા અનુભવ કરી ચૂકેલા પાંચ વાલીઓએ સ્વમુખે આ વાત જણાવી.

અનુભવામૃત બાદ સૌના પ્રેરણામૂર્તિ સ્વામીશ્રીએ વિદ્યાર્થીઓએ પૂછેલા પ્રશ્નોના સુંદર ઉત્તરોમાં જણાવ્યું: ''અભ્યાસમાં ઉચ્ચ પરિણામ લાવવા માટે પ્રામાણિકપણે ભણવું અને દિલ લગાવીને ભણવું. સારો અભ્યાસ કરવા માટે મનને એકાગ્ર કરવું. મન જીતવું એ તો બહુ દુર્લભ છે. પણ અહીં ભગવાનની ભક્તિ કરે, ભગવાન સંબંધી બધી ક્રિયા કરે તો મન જિતાય. અઘરાને સહેલું કરવું હોય તો એક જ ઉપાય છે - સત્સંગ બરાબર કરો! સત્સંગમાં મન જીતવાની વાત આવે છે. અને મન

જિતાય એટલે તે ધારે એ કરી શકે.

આપણને ભગવાન મળ્યા છે, સત્પુરુષ દ્વારા! એટલે એમના આશીર્વાદથી બધું સારું થશે. એમના આશીર્વાદની ઇચ્છા રાખ્યા કરવી. અને સવળા જ વિચારો કર્યા કરવા!''

આશિષવચનો બાદ સ્વામીશ્રીએ વિદ્યાર્થીઓ દ્વારા લખાયેલા નિષ્કપટ પત્રો પૈકી એક પત્ર વાંચીને તેમની ભૂલોને માફ કરી. આ વિદ્યામંદિર અને છાત્રાલયમાંથી અભ્યાસ કરીને ત્યાગાશ્રમ શોભાવી રહેલા સંતો-પાર્ષદો-સાધકોએ તથા સંસ્થાના વિવિધ વિદ્યાસંકુલો સંભાળતા સંતોએ હાર-ચાદર અર્પણ કરીને સ્વામીશ્રીના આશીર્વાદ લીધા.

આજે જૂનાગઢ પંથકના ત્રણ યુવાનો - વિવેકભાઈ ગઢિયા, વિમલભાઈ વાઢેર અને ભરતભાઈ મોકરિયાને ત્યાગાશ્રમના માર્ગે વળાવતા તેમના પિતાશ્રી-વાલીઓએ સહર્ષ અક્ષરપુરુષોત્તમ મહારાજ અને સ્વામીશ્રીના ચરણે અર્પણ કર્યા હતા. સ્વામીશ્રીએ પિતા-પુત્ર પર આશીર્વાદ વરસાવ્યા હતા.

સ્વામીશ્રીના જૂનાગઢ ખાતેના રોકાણ દરમ્યાન અસંખ્ય સંતો-હરિભક્તોએ વિશેષ ભક્તિ, સેવા, વ્રત, તપ અને સમર્પણ દ્વારા ગુરુહરિની પ્રસન્નતા પ્રાપ્ત કરી હતી. દૂર-સુદૂરથી પદયાત્રા કરીને પધારતા સૌ પદયાત્રીઓ પર સ્વામીશ્રીની અપાર પ્રસન્નતા વરસી હતી. વિવિધ ક્ષેત્રોના મહાનુભાવો પણ સ્વામીશ્રીનાં દર્શન-આશિષ પ્રાપ્ત કરીને કૃતાર્થ થયા હતા.

### ■ સમર્પણ ભક્તિ

જૂનાગઢના આંગણે પ્રથમવાર સજોડે પધારેલા અક્ષરપુરુષોત્તમ મહારાજની ચલમૂર્તિઓની સૌરાષ્ટ્રના હરિભક્તોએ સુવર્ણતુલા કરીને વિશેષ સમર્પણ-ભક્તિ અદા કરી હતી. સાથે સાથે સ્વામીશ્રીની સર્કરાતુલા કરીને અનોખી ગુરુભક્તિ અદા કરી હતી.

### ■ સંસ્કૃતિ દિન

તા. ૬-૧૦-૨૦૨૪ના રોજ 'સંસ્કૃતિ દિન' ઊજવાયો હતો. નિયત સમયે આરંભાયેલી સભામાં સ્વામીશ્રીના પધાર્યા બાદ 'ગિરનાર ડોલે, ગિરનાર બોલે' નૃત્ય-નાટિકા પ્રસ્તુત થઈ હતી. જેમાં મનુષ્યરૂપે આવેલા ગિરનારે શ્રીજીમહારાજથી લઈને સમગ્ર ગુરુપરંપરાના, સોરઠ પ્રદેશ સાથેના અદ્‌ભુત પ્રસંગો અહોભાવ અને આનંદથી વર્ણવ્યા હતા. તેની મધ્યે-મધ્યે લઘુસંવાદો, નૃત્યો, વીડિયો રજૂ થયાં હતાં. સ્વામીશ્રીએ પણ સૌરાષ્ટ્ર સાથેની સુંદર સ્મૃતિઓ પ્રસંગોચિત કહી.

ભગવાન સ્વામિનારાયણથી લઈને તમામ ગુણાતીત ગુરુઓએ આ પ્રદેશમાં ખીલવેલો ગુણાતીત બાગ કાયમ નવપલ્લવિત રહે અને સૌ સત્સંગીઓ પણ સત્સંગમાં કાયમ હર્યાભર્યા રહે. ગુણાતીતભાવે રંગાય અને ભગવાન સ્વામિનારાયણ તથા સર્વે ગુણાતીત ગુરુઓનો મહિમા સૌના જીવમાં દૃઢ થાય તે માટે સ્વામીશ્રીએ સૌ પર આશિષ વરસાવ્યા હતા.

અંતમાં આજના કાર્યક્રમની પ્રસ્તુતિ કરનાર ૧૨૫ બાળકો-યુવકો અને હરિભક્તો પર સ્વામીશ્રીએ કૃપાદૃષ્ટિ કરી હતી. 'ગુણાતીતભાવે સોરઠ રંગવું છે' લખાણ અંકિત સોરઠના નકશા પર સ્વામીશ્રીએ હાથ પ્રસારી 'સોરઠ રંગાઈ જાય' તેવા શુભાશિષ પાઠવ્યા હતા.

### ■ બાળ-યુવા દિન

તા. ૯-૧૦-૨૦૨૪ના રોજ સ્વામીશ્રીની ઉપસ્થિતિમાં 'બાળ-યુવા દિન' ઊજવાયો હતો. ધૂન-પ્રાર્થનાથી આરંભાયેલી સભામાં પધારેલા સ્વામીશ્રીનું બાળ-યુવાહૃદયોએ હર્ષભેર સ્વાગત કર્યું હતું. સ્વાગત બાદ 'મોબાઇલનો મંકોડો' નામક સુંદર નૃત્ય દ્વારા સૌને મોબાઈલ વાપરવા અંગે પ્રેરણા અપાઈ હતી. ત્યારબાદ 'સમ્રાટ કુસંગ' સંવાદ રજૂ થયો હતો. તેમાં બાળકોને નડતા-કનડતા કુસંગોની વાત હતી. અંતમાં કુસંગથી અને કુસંગી મિત્રોથી બચવા અંગે સુંદર ઉપદેશ અપાયો હતો.

પ્રેરણાત્મક પ્રસ્તુતિ બાદ સ્વામીશ્રીએ પ્રશ્નોત્તરીના માધ્યમથી અભ્યાસલક્ષી સુંદર માર્ગદર્શન આપતાં કહ્યું, ''દરેકે સત્સંગ સભામાં જવું. સભામાં ઘણા ફાયદાઓ છે. દસમા-બારમા ધોરણમાં અભ્યાસ કરતા યુવકોએ નિયમિત સભામાં જવું. સભા ભરવાથી ડિપ્રેશન ને બધું મટી જાય. અને યોગીબાપાએ આ સભાની શરૂઆત કરી છે એટલે એમાં એમના આશીર્વાદ છે.

સત્સંગમાં જઈએ, રવિસભા ભરીએ એમાં બધું માર્ગદર્શન અપાય છે અને ઑટોમૅટિક સ્વાભાવિકપણે બધું બૅલેન્સ જળવાઈ જાય છે. આ સત્સંગ, રવિસભા તમારું અનિષ્ટ ન થવા દે...''

જૂનાગઢનાં સત્સંગ ક્ષેત્રોમાંથી સત્સંગ શિક્ષણ પરીક્ષામાં ગોલ્ડમેડલ પ્રાપ્ત કરનાર ચાર હરિભક્તોને/તેમના પ્રતિનિધિને સ્વામીશ્રીએ દૃષ્ટિ દ્વારા આશીર્વાદ અર્પ્યા અને સંતોએ હાર પહેરાવી સન્માન કર્યું હતું.

### ■ બી.એ.પી.એસ. વિદ્યામંદિરમાં સ્વામીશ્રીની પધરામણી

સન ૧૯૬૫માં બ્રહ્મસ્વરૂપ યોગીજી મહારાજે વલ્લભવિદ્યાનગર

ખાતે સર્વ પ્રથમ બી.એ.પી.એસ. સ્વામિનારાયણ છાત્રાલય રચાવીને શિક્ષણ-સેવાનો પ્રારંભ કર્યો હતો. ત્યારપછી બી.એ.પી.એસ. સંસ્થા દ્વારા શૈક્ષણિક પ્રવૃત્તિનો વ્યાપ દિન-પ્રતિદિન વધતો રહ્યો. વર્તમાન સમયે ગુજરાતનાં વિભિન્ન નગરો-શહેરોમાં બી.એ.પી.એસ. સંસ્થા દ્વારા કાર્યરત શિક્ષણ-સેવાઓનો લાભ પ્રાપ્ત કરીને હજારો વિદ્યાર્થીઓ મૂલ્યસભર શિક્ષણની સાથે સાથે સંસ્કારો દ્વારા ચારિત્ર્ય ઘડતર કરી રહ્યા છે.

આવું જ એક અનોખું શિક્ષણનું ધામ એટલે બી.એ.પી.એસ. સ્વામિનારાયણ વિદ્યામંદિર - જૂનાગઢ.

સન ૨૦૦૮માં પ્રમુખસ્વામી મહારાજે અહીં સુવિધાસજ્જ છાત્રાલયનું નિર્માણ કરીને સોરઠ પ્રદેશના વિદ્યાર્થીઓને મહામૂલી ભેટ આપી ત્યારથી અહીં આજુબાજુનાં અંતરિયાળ ગામડાંમાંથી આવતા વિદ્યાર્થીઓની સંખ્યા વધતાં તેઓને શાળાઓમાં એડમિશન માટે મુશ્કેલી પડતી હતી. આથી અહીં એક રેસિડેન્શિયલ સ્કૂલની આવશ્યકતા ઊભી થઈ. પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજે બી.એ.પી.એસ. મંદિર પરિસરમાં નૂતન સુવિધાસજ્જ વિદ્યામંદિર રચાવીને વિદ્યાર્થીઓની ચિંતા દૂર કરી.

તા. ૩-૫-૨૦૨૨(અખાત્રીજ)ના પવિત્ર દિવસે પૂજ્ય કોઠારી ભક્તિપ્રિયદાસ સ્વામીએ આ નૂતન બી.એ.પી.એસ. સ્વામિનારાયણ વિદ્યામંદિર સંકુલનું ઉદ્‌ઘાટન કર્યું હતું.

જૂનાગઢ ખાતેના આ વખતના રોકાણ દરમ્યાન સ્વામીશ્રી તા. ૧૧-૧૦-૨૦૨૪ના રોજ નૂતન બી.એ.પી.એસ. સ્વામિનારાયણ વિદ્યામંદિરની મુલાકાતે પધાર્યા હતા. વિશાળ પટાંગણમાં રચવામાં આવેલા યોગી છાત્રાલય, પ્રમુખ છાત્રાલય અને મહંત છાત્રાલયમાં પધારીને સ્વામીશ્રીએ તેને પ્રાસાદિક કર્યાં હતાં. નૂતન રચાયેલા 'મહંત છાત્રાલય'નું ઉદ્‌ઘાટન કરીને વિદ્યામંદિરના વર્ગખંડો, કૉમ્પ્યૂટર રૂમ, મીટિંગ રૂમ, એડમિન વિભાગ, કોર્ડિનેટર ઑફિસ, એકાઉન્ટ ઑફિસ વગેરે પર આશીર્દષ્ટિ કરી હતી. સાથે 'અક્ષર પ્રાર્થનાલય' અને 'ભોજનશાળા'માં પણ પધરામણી કરી હતી. વિદ્યામંદિર અને છાત્રાલયના સંચાલક ગુણાતીતમુનિદાસ સ્વામી અને કોઠારી ધર્મવિનયદાસ સ્વામીએ આપેલી શૈક્ષણિક વિભાગીય માહિતીથી સ્વામીશ્રી અતિ પ્રસન્ન થયા હતા.

વર્તમાન સમયે આ વિદ્યામંદિરમાં ૧૫૦૦ વિદ્યાર્થીઓ અભ્યાસ કરી રહ્યા છે. જે પૈકી ૯૦૦ વિદ્યાર્થીઓ છાત્રાલયમાં રહે છે. ૧૦૦ જેટલો શિક્ષકસ્ટાફ અધ્યાપનકાર્ય કરાવી રહ્યો છે. આ સૌને સ્વામીશ્રીનાં દર્શન-આશિષ સાંપડ્યાં. દસમા-બારમા ધોરણમાં અભ્યાસ કરી રહેલા વિદ્યાર્થીઓ આ વર્ષે બોર્ડની પરીક્ષામાં ખૂબ જ સારું પરિણામ પ્રાપ્ત કરે તે માટે સ્વામીશ્રીએ તેમને આશીર્વાદ આપીને તેઓની સાથે સ્મૃતિછબી પડાવીને સ્મૃતિ પ્રદાન કરી હતી.



પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજના આશીર્વાદ અને સંતોના માર્ગદર્શનથી માત્ર બે જ વર્ષના ટૂંકા અંતરાલમાં બી.એ.પી.એસ. વિદ્યામંદિરે વિદ્યાર્થીઓમાં શિક્ષણની સાથે સાથે જીવનઘડતર અને નૈતિકતાનાં મૂલ્યોનું સિંચન કરીને સોરઠ પંથકમાં આગવી નામના મેળવી છે.

જૂનાગઢ ખાતે ટૂંકા રોકાણમાં ઝાઝું સત્સંગ સુખ આપીને પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજ તીર્થધામ ગોંડલ પધાર્યા હતા.



## તીર્થરાજ ગોંડલમાં સ્વામીશ્રીના સાંનિધ્યમાં ઊજવાયા શાનદાર દીપાવલિ ઉત્સવો...

*'ગોંડલ એટલે પ્રગટ તીરથ. અહીં તીર્થમાત્ર આવી ગયાં. આ સ્થાનમાં સુખ લઈએ છીએ તે અક્ષરધામનું સુખ લઈએ છીએ. આ દેરીનાં દર્શન થયાં પછી કંઈ શોધવા જવાનું નથી. આ દેરી નથી, સાક્ષાત્ ધામ છે. આ સ્થાન અતિ પ્રબળ મહા ચમત્કારી છે.' - બ્રહ્મસ્વરૂપ યોગીજી મહારાજનાં આ વચનોમાં અક્ષરદેરીનો અપરંપાર મહિમા છલકાય છે.*

*મહાતીર્થરાજ ગોંડલના આ પ્રતાપી સ્થાનમાં તા. ૧૩-૧૦-૨૦૨૪થી તા. ૪-૧૧-૨૦૨૪ સુધી બિરાજીને પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજે દીપોત્સવીનાં પર્વો ભક્તિભાવથી ઊજવ્યાં હતાં. દર વર્ષની જેમ આ વર્ષે પણ દેશ-વિદેશથી પધારેલા હજારો હરિભક્તોએ સ્વામીશ્રીના સાંનિધ્યમાં દીપાવલિ ઉત્સવોને મનભરીને માણ્યા હતા. આ પર્વો દરમ્યાન અક્ષરમંદિરનું પરિસર ટમટમતા વિદ્યુતદીપકોની રોશનીથી ઝળહળી ઊઠ્યું હતું. વિવિધ રંગોળીઓનું સુશોભન અને નવીન ઉપકરણોથી મંદિરનો નજારો વિશેષ મનભાવન બન્યો હતો. વહેલી સવારથી જ ઊમટતા સેંકડો હરિભક્તો-ભાવિકોથી મંદિર પરિસર છલકાતું હતું. મંદિરના પ્રત્યેક ખંડમાં નિત્ય સુંદર વસ્ત્રાલંકાર ધારણ કરીને દર્શનદાન આપતાં ઠાકોરજીનાં અનિમેષ નયને દર્શન કરીને સૌ હર્ષિત બન્યા હતા. સાથે પ્રાતઃપૂજામાં અને વિવિધ વિષયો સાથે યોજાયેલી સાયંસભાઓમાં સ્વામીશ્રીનાં દર્શન-આશીર્વાદનો લાભ પ્રાપ્ત કરીને સૌ કોઈ પુલકિત થઈ ઊઠ્યાં હતાં. વિશેષ વ્રત-તપ સાથે પદયાત્રા કરનાર હરિભક્તો પર સ્વામીશ્રીનો રાજીપો વરસ્યો હતો. ઘણા બધા મહાનુભાવો પણ સ્વામીશ્રીનાં દર્શન-આશિષ પામીને કૃતાર્થ થયા હતા.*

*દીપાવલિ પર્વની સાથે સાથે શરદોત્સવ તેમજ ભાગવતી દીક્ષા, પાર્ષદી દીક્ષા અને વિવિધ ભક્તિભર્યા સત્સંગ દિન ઊજવીને સ્વામીશ્રીએ સત્સંગ-પરિવારને અલૌકિક સ્મૃતિઓનું ભાથું ભરી આપ્યું હતું.*

*ગોંડલ ખાતે સ્વામીશ્રીના સાંનિધ્યમાં યોજાયેલા વિવિધ ઉત્સવોની અહીં એક ઝાંખી મેળવીએ...*

## ■ ભવ્ય શરદોત્સવ

તા. ૧૩-૧૦-૨૦૨૪ના રોજ જૂનાગઢથી સંતો-હરિભક્તોની વિદાય લઈને ગોંડલ પધારેલા પૂજ્ય મહંત સ્વામી મહારાજનું સંતો-હરિભક્તો તેમજ ગુરુકુળના વિદ્યાર્થીઓએ ભાવભર્યું સ્વાગત કર્યું હતું.

ગોંડલ ખાતે સ્વામીશ્રીના સાંનિધ્યમાં ભક્તિભર્યા કાર્યક્રમો યોજાયા હતા. તે પૈકી તા. ૧૬-૧૦-૨૦૨૪, શરદ પૂર્ણિમાના શુભ દિને હજારો હરિભક્તો-ભાવિકોએ અક્ષરબ્રહ્મ ગુણાતીતાનંદ સ્વામીનો ૨૪૦મો પ્રાકટ્યોત્સવ ભવ્યતાથી ઊજવ્યો હતો.

શરદોત્સવ નિમિત્તે સાયંકાળે યોગી સભામંડપમાં યોજાયેલી સભામાં ‘અક્ષર ગુણાતીત’; ‘આત્મીય ગુણાતીત’; ‘અદ્વિતીય ગુણાતીત’; ‘અમર ગુણાતીત’ અને ‘આનંદકારી ગુણાતીત’ વિષયો પર સંતપ્રવચન - સદ્‌ગુરુ સંતો દ્વારા તેની પુષ્ટિ - સંવાદ વગેરેથી વિશેષ રજૂઆત થઈ હતી. તે પ્રત્યેક વિભાગ બાદ સમૈયાની પ્રણાલી મુજબ ચાર આરતીઓ થઈ હતી.

દર વર્ષની જેમ આજે પણ ગોંડલ રાજવી પરિવારના મહારાજા શ્રી હિમાંશુસિંહજી અને જ્યોતિર્મયસિંહજીએ ભક્તિભાવથી લાવેલા હાર સંતોએ સ્વામીશ્રીને પહેરાવ્યા. વિવેકસાગરદાસ સ્વામીએ રાજવીશ્રીઓને પહેરાવી સન્માન્યા. પૂર્વ સાંસદ શ્રી રમેશભાઈ ધડૂકનું પણ હાર પહેરાવીને સ્વાગત કર્યું.

આજના શુભ અવસરે સ્વામીશ્રીએ ‘કરીએ રાજી ઘનશ્યામ’ નૂતન ઓડિયો પ્રકાશનનું વિમોચન કર્યું હતું. ત્યારબાદ ૧૨૦ બાળકો-યુવકોએ *‘સૌના હૈયે છાયો આનંદ આનંદ... પ્રગટ્યા ગુણાતીતાનંદ...’* કીર્તન પર નૃત્ય-અભિવંદના કરી હતી. તેની સાથે સદ્‌ગુરુ સંતોએ પ્રગટ ગુણાતીત એવા સ્વામીશ્રીને હારતોરાથી વધાવ્યા હતા.

અંતમાં સૌ પર આશીર્વર્ષા કરતાં સ્વામીશ્રીએ જણાવ્યું: ‘‘ગુણાતીતાનંદ સ્વામી કહે છેઃ ‘આ સત્સંગનો મહિમા તો અપાર છે, કેમ જે આપણને તો મહારાજ પુરુષોત્તમ મળ્યા છે.’ સર્વોપરી ભગવાન મળ્યા છે. એમનાથી પર કોઈ છે નહીં. યોગીબાપા કહેતાઃ ‘પ્રાપ્તિ મોટી થઈ છે, પણ તેમાં વિઘ્ન આવવા દેવું નહીં.’

આ સત્સંગને દૃઢ કરીને રાખજો. બીજું બધું જતું રહે તો પણ! સત્સંગમાં જરાય આંચ આવવા દેવી નહીં. આ સમાગમ જે મળ્યો છે તે દૃઢ કરીને રાખજો. નહીં તો જ્યારે સમજાશે ત્યારે પસ્તાવાનો પાર નહીં રહે.’’ ત્યારબાદ સ્વામીશ્રી, સદ્‌ગુરુ સંતો અને મહાનુભાવોએ ઉત્સવની પંચમ આરતી ઉતારી હતી.

- તા. ૧૭-૧૦-૨૦૨૪ના રોજ ‘સ્વામીશ્રી જ્ઞાનજીવનદાસજી ગુરુકુળનો ૫૯મો વાર્ષિકોત્સવ ઊજવાયો હતો. આ નિમિત્તે યોજાયેલી સભામાં ગુરુકુળના વિદ્યાર્થીઓએ સુંદર સાંસ્કૃતિક કાર્યક્રમ રજૂ કરીને સ્વામીશ્રીનો રાજીપો પ્રાપ્ત કર્યો હતો. સભાના અંતમાં સ્વામીશ્રીએ પ્રશ્નોત્તરીના માધ્યમથી વિદ્યાર્થીઓને સુંદર માર્ગદર્શન આપ્યું હતું.

- તા. ૧૮-૧૦-૨૦૨૪ના રોજ સ્વામીશ્રી ‘સ્વામીશ્રી જ્ઞાનજીવનદાસજી ગુરુકુળ’માં પધાર્યા. અહીં સ્વામીશ્રીએ, સન ૧૯૬૬થી અત્યાર સુધીની ગુરુકુળની ઇતિહાસ ગાથા અને વિકાસ ગાથા અંકિત શિલાલેખનું અનાવરણ કર્યું હતું. ત્યારબાદ વિદ્યાર્થીઓ, શિક્ષકો અને સ્ટાફના સભ્યોને આશિષ અર્પ્યા હતા. અહીંના ‘નીલકંઠ સભામંડપ’માં પ્રાતઃપૂજા કરીને સ્વામીશ્રીએ સૌને વિશેષ સ્મૃતિલાભ આપ્યો હતો.

ગોંડલ ખાતે સ્વામીશ્રીની પાવન ઉપસ્થિતિમાં યુવા દિન, ગ્રામ્ય દિન, સંયુક્ત પરિવાર દિન, બાળ દિન, સિદ્ધાંત દિન, યુવા તાલીમ કેન્દ્રના યુવકોનો પદવીદાન સમારોહ, કાર્યકરોનો અભિવાદન સમારોહ વગેરે પ્રસંગોની ઉજવણી કરતી સત્સંગ સભાઓ યોજાઈ હતી. જેમાં, બાળકો-કિશોરો-યુવકો અને વિવિધ ક્ષેત્રોના હરિભક્તોએ પ્રેરણાત્મક કાર્યક્રમ રજૂ કરીને સૌને દિવ્ય સત્સંગ અને સત્પુરુષ પ્રત્યે અભિમુખ કર્યા હતા. સભાના અંતમાં સ્વામીશ્રીએ સૌને રૂડા આશીર્વાદ પાઠવ્યા હતા.

- તા. ૧-૧૧-૨૦૨૪ના રોજ નૂતન યજ્ઞોપવીત વિધિ અને વર્તમાન વિધિ યોજાયો હતો. સ્વામીશ્રીએ તે માટેનાં જનોઈ અને કંઠી પ્રાસાદિક કર્યાં. પછી સ્વામીશ્રીએ શિશુઓ, બાળકો અને નવા મુમુક્ષુઓને વર્તમાન ધરાવી, આશ્રયમંત્ર-દીક્ષામંત્ર ઝિલાવી ભગવાન સ્વામિનારાયણના આશ્રિત કર્યા હતા.

- ગોંડલ ખાતે સ્વામીશ્રીએ તીથલ વિસ્તારના તેજલાવ, ધનોરી અને રોલા; યુગાન્ડાના ગુલુ (ગુરુપરંપરા); ગોંડલના ગાયત્રી નગર, ખોડિયાર નગર, સહજાનંદ નગર, મોટા માંડવા ખાતે રચાયેલા બી.એ.પી.એસ. મંદિરોમાં પ્રતિષ્ઠિત થનારી મૂર્તિઓનો વેદોક્ત પ્રતિષ્ઠાવિધિ કર્યો હતો. ઉપરાંત ઓટાવા, દડવા (ગઢડા)માં રચાનારા બી.એ.પી.એસ. મંદિરની ઇષ્ટિકાઓનું વૈદિક પૂજન કર્યું હતું.

## ■ ભવ્ય દીપોત્સવી પર્વ

દીપાવલિ એટલે સનાતન હિન્દુ ધર્મનું મહાપર્વ.

સનાતન હિન્દુ ધર્મની પરંપરાને જાળવતાં બી.એ.પી.એસ. સંસ્થાનાં ૧૫૦૦થી વધુ મંદિરોમાં દીપાવલિનાં પર્વો ભક્તિભાવપૂર્વક ઊજવાય છે. ઘણાં વર્ષો સુધી બ્રહ્મસ્વરૂપ યોગીજી મહારાજે અને બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજે તીર્થધામ અક્ષરમંદિર - ગોંડલ ખાતે શરદોત્સવ અને દીપાવલિ પર્વો ઊજવીને સંતો-ભક્તોને દિવ્ય સુખ આપ્યું હતું. આ જ પરંપરાને જાળવી રાખતાં પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજ પણ દર વર્ષે ગોંડલ ખાતે શરદોત્સવ-દીપાવલિનાં પર્વો ધામધૂમપૂર્વક ઊજવીને હજારો હરિભક્તોને સત્સંગ-ભક્તિનું દિવ્ય સુખ આપી રહ્યા છે.

તા. ૨૯-૧૦-૨૦૨૪, ધન ત્રયોદશીથી આરંભાતા આ પર્વનાં શ્રીગણેશ કરતાં આજના શુભદિને સ્વામીશ્રીએ ઠાકોરજીનાં અલંકારોનું પૂજન કર્યું હતું અને સૌ હરિભક્તોના ભંડાર ભર્યા રહે તેવા શુભાશિષ પાઠવ્યા હતા.

આજે ગોંડલી નદીના ઘાટે ‘વિશ્વશાંતિ - લક્ષ્મીહોમ મહાયજ્ઞ’ યોજાયો હતો. યજ્ઞ માટે ૨૦૦ જેટલા કુંડ રચવામાં આવ્યા હતા. સવારે ૪:૦૦ વાગ્યાથી આરંભાયેલા આ મહાયજ્ઞનો ૧,૫૦૦ કરતાં વધુ યજમાન ભક્તોએ ઉલ્લાસભેર લાભ લીધો હતો!

સ્વામીશ્રીએ આ વિશ્વશાંતિ - લક્ષ્મીહોમ મહાયજ્ઞમાં પધારીને યજમાનોને સમીપ દર્શનનું સુખ આપ્યું હતું તેમજ યજ્ઞનારાયણમાં હોમવાના શ્રીફળને પ્રાસાદિક કર્યું હતું. આ યજ્ઞનો વિધિ મુખ્યત્વે બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સંસ્કૃત મહાવિદ્યાલય, સારંગપુરના છાત્રોએ કરાવ્યો હતો. તેમના પર સ્વામીશ્રીએ રાજીપાની દૃષ્ટિ કરી હતી. એક કુંડ પર બેઠેલા સંતવૃંદને કૃપાદૃષ્ટિ દ્વારા શુભાશિષ અર્પ્યા હતા.

આમ, સૌને પૂર્ણ સુખ અને યજ્ઞનું ફળ આપી સ્વામીશ્રી નિજકક્ષે પધાર્યા.

તા. ૩૦-૧૦-૨૦૨૪, કાળી-ચૌદશના દિવસે મંદિરમાં ઉત્સવને અનુરૂપ સુંદર રંગોળીઓ પૂરવામાં આવી હતી. ઠાકોરજીનાં દર્શન બાદ સ્વામીશ્રી પ્રાતઃપૂજામાં પધાર્યા. આજે ‘બાળ દિન’ નિમિત્તે બાળકોએ કીર્તનોની મધ્યે ઘનશ્યામ મહારાજથી લઈને સમગ્ર ગુરુપરંપરાના બાળપણાના પ્રસંગોમાંથી આદર્શ બાળક, આદર્શ વિદ્યાર્થી અને આદર્શ ભક્ત થવાની અગણિત પ્રેરણાઓ મળે છે, તેની સુંદર પ્રસ્તુતિ કરી હતી.

પ્રાતઃપૂજા બાદ સ્વામીશ્રીએ શિક્ષાપત્રી અને સત્સંગદીક્ષાની આજ્ઞા અનુસાર શ્રી હનુમાનજીનું ચંદન-અક્ષત-પુષ્પથી પૂજન કર્યું હતું.

## ■ દિવાળી-ચોપડાપૂજન

સદ્‌ગુરુ ભૂમાનંદ સ્વામીએ ‘એ જ દિવાળી રે...’ કીર્તનની એક પંક્તિમાં સત્સંગની ભાવના કરતાં કહ્યુંઃ

*‘સત્સંગ ચંદરવો રે કરજે શોભતો રે,*
*તોરણ તો વર્તમાન ધારે પાંચ...*
*એ જ દિવાળી રે...’*

એટલે કે ‘સત્સંગના ચંદરવા તળે થાય એ જ ખરી દિવાળી.’ એટલા માટે જ તા. ૩૧-૧૦-૨૦૨૪ના રોજ સ્વામીશ્રીના સાંનિધ્યમાં દીપાવલિના અવસરનો લાભ લેવા માટે હજારો હરિભક્તો વહેલી સવારથી જ ઊમટ્યા હતા. મંદિરમાં સર્વત્ર ઉત્સવનો માહોલ જામ્યો હતો. સમગ્ર પરિસર ઝળહળી રહેલા દીપકોથી સુરમ્ય લાગી રહ્યું હતું. મંદિરના મધ્યખંડમાં ‘કાર્યકર સુવર્ણ જયંતી મહોત્સવ’ને વધાવતો દીપકોનો સુંદર લોગો શોભી રહ્યો હતો. અન્ય ખંડોમાં પણ દીપકો ટમટમી રહ્યા હતા. મંદિરના ચોકમાં રચવામાં આવેલી વિશાળ રંગોળી મધ્યે દીવા તથા રંગીન જળ ભરેલા પારદર્શક કુંભ તેની શોભામાં વધારો કરતા હતા. આ અદ્‌ભુત રંગોળી મધ્યેથી દર્શનદાન આપીને સ્વામીશ્રી ઠાકોરજીનાં દર્શને પધાર્યા.

મંદિરમાં સુંદર વસ્ત્રાલંકાર ધારણ કરીને દર્શનદાન આપી રહેલા ઠાકોરજીનાં દર્શન કરીને સ્વામીશ્રીએ આરતી ઉતારી. ‘કાર્યકર સુવર્ણ જયંતી મહોત્સવ’ના લોગોના કેટલાક દીપકોને પ્રજ્વલિત કર્યા. તે સમયે સંતોએ *‘રાજ મારે દિન દિન દિવાળી રે...’* કીર્તન-પંક્તિઓ ગુંજાવી. દર્શન બાદ પ્રાંગણમાં ઊમટેલા સૌને દર્શનલાભ આપતાં સ્વામીશ્રી સભામંડપના મંચ પર પધાર્યા ત્યારે પૂજામંચ પણ દીપકોની શૃંખલાઓથી ઝળહળી રહ્યું હતું. હેપ્પી દિવાળી, શુભ દીપાવલિના કાર્ડ આજના પર્વના સાક્ષી હતા. સંગીતજ્ઞ સંતોએ ગાન કરેલાં પ્રાસંગિક કીર્તનોની વચ્ચે સ્વામીશ્રીએ પૂજાદર્શન આપ્યાં.

પૂજા બાદ સ્વામીશ્રીએ સદ્‌ગુરુ ભૂમાનંદ સ્વામી રચિત *‘એ જ દિવાળી રે...’* કીર્તનનું નિરૂપણ કરતાં આશિષ વચનો કહ્યાંઃ

‘‘આપણને મહારાજ-સ્વામીનો જોગ થયો એ જ દિવાળી. શ્રીજીમહારાજ બહુ દયા કરીને આ બ્રહ્માંડમાં આવ્યા અને બધી લીલાઓ કરી... શ્રીજીમહારાજ અત્યારે

ગુણાતીત ગુરુઓ દ્વારા પ્રગટ છે, એ જ દિવાળી!

આપણને આવી જબરજસ્ત પ્રાપ્તિ થઈ છે તો પંચવર્તમાનમાં કડેધડે રહેવું. શ્રીજીમહારાજને ધર્મ-નિયમ અને નિશ્ચય અતિ પ્રિય છે. આ ત્રણ હોય તો તમને અક્ષરધામમાં જતા સુધી કોઈ રોકી ન શકે! એમણે કૃપા કરીને આપણને જોગ આપ્યો તો બધ્ધું બાજુમાં મૂકીને શ્રીજીમહારાજને લક્ષ્યમાં રાખીને ભક્તિ-ભજન-સેવા બધું કરી લેવું, એ જ પ્રાર્થના.''

પ્રતિવર્ષની જેમ આ વર્ષે પણ દીપાવલિની સંધ્યાએ અક્ષરમંદિરમાં લક્ષ્મીપૂજન-શારદાપૂજન-ચોપડાપૂજન યોજાયું હતું. વિવેકસાગરદાસ સ્વામી અને ઘનશ્યામચરણદાસ સ્વામીની ઉપસ્થિતિમાં મહાપૂજાવિધિ સંપન્ન થયો હતો. હરિભક્તો-ભાવિકો પોતાના ચોપડાઓ લઈને પૂજનવિધિમાં જોડાયા હતા.

પ્રારંભિક વિધિ બાદ સ્વામીશ્રી પૂજનવિધિમાં પધાર્યા હતા. સ્વામીશ્રીની સમક્ષ અક્ષરપુરુષોત્તમ મહારાજ તથા ગોંડલની મહાપૂજા શોભી રહ્યાં હતાં.

વિશેષમાં, આજે ૩૧ ઑક્ટોબરનો દિવસ એટલે સ્વામીશ્રીએ નેનપુર ખાતે ચલમૂર્તિ સ્વરૂપે પરબ્રહ્મ ભગવાન સ્વામિનારાયણ સાથે અક્ષરબ્રહ્મ ગુણાતીતાનંદ સ્વામીને પધરાવ્યા તે તારીખ. તેથી સ્વામીશ્રીએ પ્રથમ અક્ષરપુરુષોત્તમ મહારાજનું પૂજન કરીને ક્રમશઃ લક્ષ્મીપૂજન અને શારદાપૂજન કર્યું હતું. ત્યારબાદ અક્ષર મંદિરના ચોપડામાં હસ્તાક્ષર કરી આપ્યા હતા.

આરતી બાદ સ્વામીશ્રીએ સૌને આજના પ્રસંગે રૂડા આશીર્વાદ પાઠવતાં કહ્યું:

''આજે અક્ષરદેરીના સાંનિધ્યમાં ચોપડા પૂજન થયું. તે જોઈ યોગીબાપાની સ્મૃતિ થાય છે. યોગીબાપા અક્ષરદેરીમાં બેસી ખૂબ પ્રેમથી, મહિમાથી આ વિધિ કરતા. દરેક ચોપડામાં આશીર્વાદ લખી આપતા. હરિભક્તો સુખી થાય એવી ધૂન કરતા.

પ્રમુખસ્વામી મહારાજે પણ અહીં દિવાળીનો ખૂબ લાભ આપ્યો છે. આજે તેમને યાદ કરી મહારાજ-સ્વામીને પ્રાર્થના કરીએ કે - બધા જ હરિભક્તોનું આવતું વર્ષ સુખદાયી બને. દરેકને વેપાર-ધંધા અને કામકાજમાં શુભ લાભ થાય. જે મુશ્કેલી હોય તે દૂર થાય અને સેવા-ભક્તિ પણ વધતી જાય.

અંતરના ચોપડા પણ મહારાજ-સ્વામી ચોખ્ખા કરી દેશે. તે માટે આજ્ઞા અને ઉપાસના પાકાં રાખવાં. આ બે જેટલાં પાકાં હોય એટલી ભક્તિ ને બધામાં બરકત આવશે અને અંતરમાં શાંતિ શાંતિ થશે. જેને આજ્ઞા-ઉપાસના પાકી હોય તેને તો રોજ રોજ દિવાળી છે!''

દીપાવલિના શુભદિને અક્ષર મંદિર પર થયેલા લેસર-શોથી સમગ્ર મંદિરનો નજારો મનભાવન બન્યો હતો. આ ભવ્ય નજારો અને ભવ્ય રંગબેરંગી ફટાકડાની આતશબાજીને નીરખતા સૌ કોઈના મુખ પર પ્રગટ ગુરુહરિના સાંનિધ્યમાં દિવાળી ઊજવ્યાનો આનંદ છવાઈ રહ્યો હતો.



## ■ નૂતન વર્ષારંભ-અન્નકૂટોત્સવ

ભગવાન સ્વામિનારાયણે હિંદુ ધર્મની પ્રાચીન ભક્તિ-પરંપરામાં નવધા ભક્તિને ખૂબ પોષણ આપ્યું છે. આ પરંપરામાં ભગવાનને મનભાવન ભોગ ધરાવનારી 'અન્નકૂટ ભક્તિ'નો માહોલ નિરાળો છે.

આ પરંપરા મુજબ નૂતન વર્ષના પ્રારંભે દેશ-વિદેશનાં બી.એ.પી.એસ. મંદિરોમાં ભગવાનને ધરાવાયેલા અન્નકૂટનું આકર્ષણ હજારો હરિભક્તો-ભાવિકોનાં હૈયે ભક્તિનો નિરાળો આનંદ છલકાવે છે.

વિક્રમ સંવત ૨૦૮૧, કારતક સુદ પ્રતિપદા, તા. ૨-૧૧-૨૦૨૪ના રોજ નૂતન વર્ષના મંગલ પ્રભાતે સ્વામીશ્રીએ નિત્યક્રમથી વહેલા

પરવારીને દર વર્ષની જેમ, ચલમૂર્તિ સ્વરૂપે હંમેશા પોતાની સાથે રહેતા અક્ષરપુરુષોત્તમ મહારાજને ઉત્થાનમંત્ર સાથે જગાડ્યા, સ્નાન કરાવ્યું. વાઘા પહેરાવી શણગાર કર્યા. અને પછી ગદ્‌ગદભાવે સૌ જીવોના કલ્યાણ માટે અને સૌ હરિભક્તો તને-મને-ધને સુખી થાય એવી પ્રાર્થના કરી હતી.

હવે, અક્ષરપુરુષોત્તમ મહારાજને અંકમાં ધારી સ્વામીશ્રી પ્રાતઃપૂજામાં પધાર્યા. સામે હજારો હરિભક્તોથી સભામંડપ હકડેઠઠ ભરાયેલો હતો. પૂજામંચની પાર્શ્વભૂમાં પધરાવાયેલા સુવર્ણરંગી અક્ષરપુરુષોત્તમ મહારાજ અને ગુરુપરંપરાની સમક્ષ ભાતભાતની વાનગીઓનો અન્નકૂટ રચવામાં આવ્યો હતો. પૂજાપાટની સામે 'કાર્યકર સુવર્ણ જયંતી'ના લોગોની ફરતે પણ ભવ્ય કૂટ શોભી રહ્યો હતો. તેની મધ્યેથી સ્વામીશ્રીએ સૌને પૂજાદર્શન આપ્યાં. સંગીતજ્ઞ સંતોએ પ્રાસંગિક કીર્તનોનું ગાન કર્યું. નિત્ય પૂજાના અંતે સ્વામીશ્રી સૌને હાથ જોડીને વંદન કરતા હતા ત્યારે સૌએ *'મહાબળવંત માયા તમારી...'* પ્રાર્થનાનું ગાન કર્યું હતું.

આજના વિશિષ્ટ આયોજનમાં અક્ષરદેરીમાં રોજ જે પીઠ પર મહાપૂજા થાય છે તે પીઠ સ્વામીશ્રી સમક્ષ ગોઠવાઈ હતી. તેના પર અક્ષરપુરુષોત્તમ મહારાજને પધરાવાયા હતા. સ્વામીશ્રી પધારતાં પૂર્વે અત્રે નૂતન વર્ષની પ્રથમ મહાપૂજા આરંભાઈ હતી. તેના જ ભાગરૂપે સ્વામીશ્રીએ સહજાનંદ નામાવલિનો સંકલ્પ કર્યો. મહારાજ-સ્વામીનું ધ્યાન કર્યું. ત્યાર પછી શ્રીજીમહારાજનાં નામોના ઉચ્ચારણની સાથે સ્વામીશ્રીએ સ્વામી-શ્રીજીનાં ચરણોમાં અક્ષત પધરાવ્યા. સાથે સદ્‌ગુરુ સંતો, અન્ય સંતો અને મહાપૂજામાં બેઠેલા સૌ હરિભક્તોએ પણ આ વિધિનો લાભ લીધો હતો.

આજના નૂતન વર્ષની મંગલ પ્રભાતે સ્વામીશ્રીએ માંગલિક આશીર્વચન પાઠવતાં કહ્યું:

"નવા વર્ષના જય શ્રી સ્વામિનારાયણ...! બધાના દેશકાળ સારા થતા જ રહે થતા જ રહે અને ભક્તિ સહિત દેશકાળ સારા રહે એ પ્રાર્થના. કાર્યકર સુવર્ણ મહોત્સવ ખૂબ ધામધૂમથી, સારી રીતે, ઉત્સાહથી, ખૂબ ઉમંગથી ડંકો વાગે એવી રીતે અને જયજયકાર થાય એવી રીતે ઊજવાય!

મહારાજ-સ્વામી તો આદિ-અનાદિ છે. એમની ભક્તિમાં લેશમાત્ર ફેરફાર ના પડે. આપણે એમની ભક્તિ કરતા જ રહીએ - નિર્દોષભાવે નિઃશંકભાવે! આપણી કલ્પના બહાર આ પ્રાપ્તિ થઈ છે. હવે પ્રાપ્તિને અનુરૂપ આપણું વર્તન જોઈએ. એટલે આપણે ધર્મ-જ્ઞાન-વૈરાગ્ય-ભક્તિ આ બધું અંતરમાં દૃઢ કરીને રાખવું.

શ્રીજીમહારાજની નિષ્ઠા - 'અક્ષરમ્ અહં પુરુષોત્તમદાસોસ્મિ' હું ભગવાનનો દાસ છું ને મહારાજ ભગવાન છે, એવી દૃઢતા જીવમાં ઠાંસીઠાંસીને ભરી દેવી!"

આજે સ્વામીશ્રીએ ભદ્રેશદાસ સ્વામી તથા અગ્રિમ પંક્તિના વિજ્ઞાની શ્રી વી. આઈ. લક્ષ્મણન્ અને શ્રી એસ. કલ્યાણસુંદરમે આધ્યાત્મિકતા અને વિજ્ઞાનના સમન્વયને દર્શાવતા 'SPIRIENCE' પુસ્તકનું વિમોચન કર્યું હતું.

યોગી સ્મૃતિમંદિરે પધારી સ્વામીશ્રીએ યોગીજી મહારાજની સમક્ષ ગોઠવાયેલા સુંદર અન્નકૂટનાં દર્શન કરીને ગુરુકુળના બાળકોએ કરેલા થાળગાનની સાથે થાળ ગાન કર્યું. ત્યારબાદ અન્નકૂટ સાથે ગુરુવર્ય યોગીજી મહારાજની આરતી ઉતારી.

અહીંથી સ્વામીશ્રી અક્ષરદેરીમાં પધાર્યા. અક્ષરદેરીમાં ચોતરફ સુંદર રીતે અનેકવિધ વાનગીઓનો અન્નકૂટ ગોઠવવામાં આવ્યો હતો. અન્નકૂટનાં દર્શન કરીને થાળગાન કર્યું. ત્યારબાદ આરતી ઉતારી.

અહીંથી સ્વામીશ્રી મંદિરે પધાર્યા. પ્રથમ ગુરુપરંપરાનાં શિખરોથી દર્શનની શરૂઆત કરી. ગુરુવર્યોની સમક્ષ સુંદર રીતે ગોઠવાયેલા અન્નકૂટનાં દર્શન કર્યાં. હનુમાનજી-ગણપતિજીની દેરીમાં અન્નકૂટનાં દર્શન કરીને મુખ્ય મંદિરમાં પધાર્યા.

મંદિરના ત્રણેય ખંડમાં ઠાકોરજી સન્મુખ કલાત્મક અન્નકૂટ રચવામાં આવ્યો હતો. વિવિધ વાનગીઓથી ગોઠવાયેલો અન્નકૂટ એવો ભવ્ય અને પ્રચૂર હતો કે મંદિરનો મધ્ય ઘુમ્મટ પણ તેનાથી આવૃત્ત થઈ ગયો હતો. ત્રણેય ખંડોમાં તેના સ્નેહભર્યાં દર્શન કરીને સ્વામીશ્રી મધ્યખંડમાં ઠાકોરજીની સન્મુખ બિરાજ્યા. સંતોએ ગાયેલા થાળગાન સાથે સ્વામીશ્રીએ ઠાકોરજીને ભાવપૂર્વક થાળ જમાડ્યો. ત્યારપછી મધ્યખંડમાં સ્વામીશ્રીએ, ઘનશ્યામ મહારાજના ખંડમાં પૂજ્ય વિવેકસાગરદાસ સ્વામીએ અને ધામ-ધામી-મુક્તના ખંડમાં ઘનશ્યામચરણદાસ સ્વામીએ અન્નકૂટ સાથે ઠાકોરજીની આરતી ઉતારી હતી.

આમ, પરમ પૂજ્ય સ્વામીશ્રીના સાંનિધ્યમાં તથા સંતો તેમજ હજારો હરિભક્તો-મહાનુભાવોની વચ્ચે દીપોત્સવ, નૂતનવર્ષ, અન્નકૂટોત્સવ વગેરે ઉત્સવો ગોંડળ અક્ષરમંદિરને આંગણે દિવ્યતા-ભવ્યતાસભર સંપન્ન થયાં હતાં.



## ગોંડલ ખાતે પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજના હસ્તે દીક્ષા પ્રાપ્ત કરી અધ્યાત્મમાર્ગે જીવન સમર્પિત કરતા ૬૬ સુશિક્ષિત નવયુવાનો...

બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સંસ્થામાં ગુરુદેવનાં ચરણે જીવન સમર્પિત કરવાનો પ્રસંગ સહજ છે. વર્તમાન સમયે દેશ-પરદેશના સુશિક્ષિત નવયુવાનો પોતાના ભૌતિક અરમાનો છોડીને પરમાર્થ માટે સ્વામીશ્રીની ભગવી સેનામાં જોડાય છે, આ ઘટના સૌ કોઈ માટે ચમત્કારિક છે.

તાજેતરમાં ગોંડલ ખાતે આવો જ એક મહામૂલો અવસર યોજાઈ ગયો.

તા. ૨૩ અને ૨૫ ઑક્ટોબર, ૨૦૨૪ના રોજ પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજના સાંનિધ્યમાં બે ચરણમાં દીક્ષા સમારોહ યોજાયા હતા. પ્રથમ ચરણમાં ૨૯ યુવાનોએ પાર્ષદી દીક્ષા અને દ્વિતીય ચરણમાં ૩૭ યુવાનોએ સ્વામીશ્રીના હસ્તે ભાગવતી દીક્ષા ગ્રહણ કરી હતી. આ બંને દીક્ષા-સમારોહનો લાભ લેવા વહેલી સવારથી જ પધારેલા હરિભક્તોથી મંદિરનું પરિસર છલકાતું હતું. આ પ્રસંગે સ્વામીશ્રીનાં કરકમળો દ્વારા દીક્ષા ગ્રહણ કરવા માટે યુવાનો થનગની રહ્યા હતા. પોતાના વહાલસોયા પુત્રને સ્વામીશ્રીની ભગવી સેનામાં અર્પણ કરનાર વાલીઓ પણ અનેરા ગૌરવની લાગણી અનુભવી રહ્યા હતા.

આ પાર્ષદી અને ભાગવતી દીક્ષા સમારોહ ‘યોગી સભામંડપમ્’માં યોજાયા હતા. બંને દિવસોએ વહેલી સવારના માંગલિક મુહૂર્તમાં વરિષ્ઠ સંતો અને વડીલ સંતોની ઉપસ્થિતિમાં દીક્ષાનો પૂર્વવિધિ સંપન્ન થયો હતો. દીક્ષાર્થીઓના વાલીઓ પણ આ પૂજનવિધિમાં જોડાયા હતા. દીક્ષાવિધિની પૂર્ણતાએ પૂજ્ય વિવેકસાગરદાસ સ્વામી, પૂજ્ય આનંદસ્વરૂપદાસ સ્વામીએ પ્રાસંગિક ઉદ્‌બોધનો કર્યાં હતા. કોઠારી પૂજ્ય ભક્તિપ્રિયદાસ સ્વામી અને પૂજ્ય ત્યાગવલ્લભદાસ સ્વામીએ પ્રેરણાવચનો પાઠવ્યાં હતાં.

નિયત સમયે દીક્ષા સમારોહમાં પધારેલા સ્વામીશ્રીએ અક્ષરપુરુષોત્તમ મહારાજની કૃપાદૃષ્ટિમાં બંને દીક્ષાનો શેષવિધિ આરંભ્યો હતો. દીક્ષાવિધિને અનુસરતા સ્વામીશ્રીએ, દીક્ષાર્થીઓએ અને તેમના વાલીઓએ દીક્ષા નિમિત્તેનો પ્રધાન સંકલ્પ કર્યો હતો. ત્યારબાદ સ્વામીશ્રીએ દીક્ષાર્થીઓની યજ્ઞોપવીત પ્રસાદીભૂત કરી. આ પ્રસાદીભૂત યજ્ઞોપવીત ધારણ કરીને દીક્ષાર્થીઓ ગુરુહરિ પાસે ગુરુમંત્ર

પ્રાપ્ત કરવા માટે ક્રમાનુસાર આવવા લાગ્યા. પ્રારંભમાં દીક્ષાર્થીઓને આનંદસ્વરૂપદાસ સ્વામીએ કંઠી પહેરાવી, પૂજ્ય વિવેકસાગરદાસ સ્વામીએ ઉપવસ્ત્ર ઓઢાડ્યું અને પૂજ્ય ત્યાગવલ્લભદાસ સ્વામીએ પાઘ પહેરાવી હતી. પૂજ્ય ભક્તિપ્રિયદાસ સ્વામીએ દીક્ષાર્થીના ભાલે, બંને બાહુએ અને વક્ષ:સ્થળે ચંદનની અર્ચા કરી હતી. ત્યારપછી દીક્ષાર્થીએ સ્વામીશ્રી પાસે આવીને પ્રાર્થના કરી. પ્રાર્થના સ્વીકારી સ્વામીશ્રીએ ગુરુમંત્ર આપી, દીક્ષા પ્રદાન કરીને આશીર્વાદ આપ્યા હતા. તેની સમાંતરપણે નારાયણમુનિદાસ સ્વામીએ બંને દિવસે દીક્ષાર્થીનો પરિચય, ગુણો વગેરે વર્ણવી નવદીક્ષિતનું નૂતન નામ ઘોષિત કર્યું હતું. સૌ કોઈએ નવદીક્ષિત નામને હર્ષભેર વધાવ્યું હતું. દીક્ષામંત્ર ગ્રહણ કરનાર દીક્ષાર્થી, તેમના વાલી સ્વામીશ્રી સાથે સ્મૃતિછબી પડાવી આગળ વધતા હતા ત્યારે પૂજ્ય ઘનશ્યામચરણદાસ સ્વામીએ વાલીને આશીર્વાદપત્ર, ભક્તિકિશોરદાસ સ્વામી, ધર્મચરણદાસ સ્વામીએ સ્મૃતિભેટ અને અક્ષરચરણદાસ સ્વામીએ પ્રસાદ અર્પ્યો હતો.

પોતાના વહાલસોયા દીકરાઓ અર્પણ કરનાર પિતાશ્રીઓ, વાલીઓનું સંતોએ હારતોરાથી અભિવાદન કર્યું હતું. દીક્ષાર્થીઓની માતાઓનું મહિલા વિભાગમાં મહિલા અગ્રણીઓ દ્વારા હારતોરા વડે સન્માન કરવામાં આવ્યું હતું.

બંને દીક્ષા સમારોહના અંતે પ્રેરણામૂર્તિ સ્વામીશ્રીએ સૌ દીક્ષાર્થીઓને દીક્ષાંત આશિષ અર્પતાં કહ્યું:

‘‘તમે બધા શૂરવીર થઈને સાધુ થયા છો. હવે સાધના કરવાની થશે, સેવા-ભક્તિ કરવાની થશે. એમાં ખાસ તો મનને મારવાનું થશે. અને આપણે આ સુંદર સાધુતાનો માર્ગ લીધો છે એટલે એ થશે જ, થવાનું જ છે.

આવા ભગવાન અને સંતની જબરજસ્ત પ્રાપ્તિ થઈ છે, એના માટે શું ના થાય? જે માટે આવ્યા છો એ સિદ્ધ કરવાનું છે. પહેલાં તો જાણવું કે ‘સાધુતા શું છે?’ એ જેવીતેવી વાત નથી. એમાં સહનશક્તિ ખૂબ રાખવાની છે. સહન સહન સહન જ કરવાનું છે, એ સાધુતા!

આટલા ઉત્સાહથી બધા આવ્યા છે, એમનામાં વર્તનેય આવશે, સહનેય થશે ને બધ્ધું જ થશે... સહેજે પાર પડાશે, પણ આપણે અંતર્દષ્ટિ કરીને સાધુતાયુક્ત જીવન જીવવાનું છે.

તમારાં મા-બાપને ખૂબ ધન્યવાદ આપવામાં આવે છે, કેમ કે આવા ભણેલા-ગણેલા દીકરાઓને હસતે મોઢે, રાજી થકા રજા આપી એટલે તમે બધા ધન્ય ધન્ય થઈ ગયા. મહારાજ-સ્વામીનાં ચરણે ધર્યા એટલે બસ, બધું ધન્ય ધન્ય ધન્ય જ છે. જય સ્વામિનારાયણ!’’

આશીર્વચનની સમાપ્તિ બાદ સદ્‌ગુરુ સંતો અને વડીલ સંતોએ કલાત્મક હારતોરાથી સ્વામીશ્રીને વધાવ્યા. નવદીક્ષિતોએ ક્રમશઃ હાર-ચાદર અર્પણ કરીને સ્વામીશ્રીના આશિષ પ્રાપ્ત કર્યા અને સ્મૃતિછબીનો લાભ લીધો હતો.

અંતે *‘હાલો જુવાનડા હરિવર વરવા હેલો પડ્યો...’* કીર્તનના તાલે નવદીક્ષિતોએ તથા કેટલાક ઉત્સાહી સંતો-પાર્ષદોએ ભક્તિનૃત્ય કરીને સ્વામીશ્રીની કૃપાદૃષ્ટિ ઝીલતા આનંદ વ્યક્ત કર્યો હતો.

દીક્ષા મહોત્સવનો લાભ લેવા ૬૦૦થી વધુ સંતો-પાર્ષદો-સાધકો ઉપરાંત હજારો હરિભક્તો-ભાવિકો અહીં ઉપસ્થિત હતા. દેશ-પરદેશના હજારો હરિભક્તોએ જીવંત પ્રસારણ દ્વારા આ દિવ્ય પ્રસંગોને માણ્યા હતા.

આમ, બી.એ.પી.એસ. સ્વામિ-નારાયણ સંસ્થાના સંતવૃંદની શોભામાં અભિવૃદ્ધિ કરતો એક વધુ ગૌરવવંતો દીક્ષા સમારોહ ગોંડલ ખાતે ‘કાર્યકર સુવર્ણ જયંતી’ વર્ષે યોજાઈ ગયો.

(બ્રહ્મવત્સલદાસ સ્વામી લિખિત અહેવાલ પરથી સંકલિત) ◆



## પાર્ષદી દીક્ષાર્થી નામાવલિ : દીક્ષાદિન તા. ૨૩-૧૦-૨૦૨૪, બુધવાર

| નામ | પાર્ષદ નામ | નામ | પાર્ષદ નામ |
|---|---|---|---|
| જયેશભાઈ બાબુભાઈ અંટાળા (જસદણ) B.A.M.S. | વેદાંગ ભગત | કીર્તનભાઈ યોગેશકુમાર સુથાર (આણંદ) B.Sc. | સાંદીપનિ ભગત |
| અક્ષરભાઈ નિમેષભાઈ પટેલ (ગાંધીનગર) B.E. | વ્યાસ ભગત | શિવમભાઈ ધર્મેન્દ્રભાઈ પટેલ (જીટોડિયા) B.C.A. | યજ્ઞદત્ત ભગત |
| મયૂરભાઈ અલ્પેશભાઈ બારોટ (વડોદરા) B.E. | માંડવ્ય ભગત | વિવેકભાઈ ધીરજલાલ ગઢિયા (જૂનાગઢ) B. Tech. | શ્વેતકેતુ ભગત |
| હર્ષલભાઈ પ્રવીણભાઈ પટેલ (વરખેડા) B.E. | ભારદ્વાજ ભગત | વિમલભાઈ શાંતિભાઈ વાઢેર (અમદાવાદ) M.A. | શાંડિલ્ય ભગત |
| ભૌતિકભાઈ રમેશભાઈ નારોલા (સુરત) M.A. | વશિષ્ઠ ભગત | યશભાઈ ભરતકુમાર પટેલ (ઝઘડિયા) B. Pharm. | આદિત્ય ભગત |
| હાર્દિકભાઈ જગદિશભાઈ મજેઠીયા (અમરેલી) (D. Pharm.) | કશ્યપ ભગત | જૈમીનભાઈ નરેન્દ્રભાઈ પટેલ (વડોદરા) B.Sc. | બહુશ્રુત ભગત |
| ભૌતિકભાઈ રમેશભાઈ બેલડિયા (સુરત) M.A. | માર્કંડ ભગત | તન્મયભાઈ પંકજભાઈ પરમાર (પુણે) B. Architecture | રોમહર્ષ ભગત |
| રોનકભાઈ યોગેશભાઈ ભંડેરી (સુરત) B.E. | સ્વસ્તિક ભગત | દૈનિકભાઈ કરશનભાઈ હિરપરા (સુરત) B.E. | સુબંધુ ભગત |
| વ્રજભાઈ નરેન્દ્રભાઈ પટેલ (ભાદરણ) M.C.A. | લોમશ ભગત | શુભમભાઈ પ્રવીણભાઈ લખાણી (લાખણકા) B.Sc. | કર્દમ ભગત |
| આયુષભાઈ મનીષભાઈ ઉપાધ્યાય (ગાંધીનગર) B.Sc. | દેવવ્રત ભગત | સ્વપ્નિલભાઈ દિનેશભાઈ ચૌહાણ (ગામડી) B.Sc. | શૌનક ભગત |
| યશભાઈ જગદીશભાઈ ભાદાણી (સુરત) B.E. | પ્રચેતા ભગત | ગૌરાંગભાઈ બળવંતભાઈ પટેલ (બલોતા) I.T.I. | ગાલવ ભગત |
| દીપભાઈ મહેશભાઈ પ્રજાપતિ (આણંદ) B.Sc. | વેદ ભગત | વર્ણીભાઈ અલ્પિતભાઈ પટેલ (ભરૂચ) Diploma | પરાશર ભગત |
| હારિતભાઈ વિજયભાઈ ચાવડા (સુરત) Diploma | સારસ્વત ભગત | ધ્રુવભાઈ પ્રકાશભાઈ બારોટ (વટવા) B.E. | ગૌતમ ભગત |
| જૈનુલભાઈ હરેશભાઈ ભીંગરાડીયા (સુરત) B.E. | નચિકેતા ભગત | જયભાઈ બાબુભાઈ આહીર (પોરવાસણ) Diploma | આસ્તિક ભગત |
| પ્રિયાંકભાઈ લાભુભાઈ લખાણી (સુરત) B.Com. | ઋચિક ભગત | | |

## ભાગવતી દીક્ષાર્થી નામાવલિ : દીક્ષાદિન તા. ૨૫-૧૦-૨૦૨૪, શુક્રવાર

| નામ | નવ દીક્ષિત નામ | નામ | નવ દીક્ષિત નામ |
|---|---|---|---|
| અભિમન્યુ ભગત (માયામી) B.Sc | સાધુ કેશવરત્નદાસ | નકુલ ભગત (રાજકોટ) M.A. | સાધુ શ્રુતિમનનદાસ |
| જન્મેજય ભગત (એટલાન્ટા) B.S. | સાધુ નૈષ્ઠિકમૂર્તિદાસ | દુષ્યંત ભગત (ભુજ) B.E. | સાધુ વેદરત્નદાસ |
| સહદેવ ભગત (એલ.એ.) B.S. | સાધુ ગુરુસ્નેહદાસ | વિદુર ભગત (અમદાવાદ) B.E. | સાધુ સહજમનનદાસ |
| નામદેવ ભગત (એડીસન) B.S. | સાધુ સહજચિંતનદાસ | કાર્તિક ભગત (આણંદ) B.Sc. | સાધુ મંગલરત્નદાસ |
| સુજાત ભગત (શિકાગો) B.S. | સાધુ દિવ્યતીર્થદાસ | ધનંજય ભગત (ભરૂચ) B.E. | સાધુ સર્વજ્ઞદાસ |
| સુનંદ ભગત (ક્લીફ્ટન) B.S | સાધુ ગુણાતીતસેવાદાસ | લક્ષ્મણ ભગત (માળિયા હાટીના) M.A. | સાધુ ગુણાતીતપ્રિયદાસ |
| નૈષધ ભગત (એડીસન) B.A. | સાધુ અક્ષરસ્મરણદાસ | શ્રવણ ભગત (અમદાવાદ) | સાધુ ભક્તેશ્વરદાસ |
| યુધિષ્ઠિર ભગત (એડિસન) B.Sc. | સાધુ કેશવતિલકદાસ | ગૌરાંગ ભગત (સુરત) B.E. | સાધુ પરમહૃદયદાસ |
| પ્રણવ ભગત (ડલાસ) B.A. | સાધુ પ્રણવયોગીદાસ | પુરંજન ભગત (ગોંડલ) B.A. | સાધુ અક્ષરમિલનદાસ |
| દર્શક ભગત (એડીસન) B.S. | સાધુ અનંતાનંદદાસ | કદરજ ભગત (વડોદરા) B.E. | સાધુ શુદ્ધહૃદયદાસ |
| દશરથ ભગત (ઓર્લાન્ડો) Pharm. D. | સાધુ જ્ઞાનનિધિદાસ | પાર્થ ભગત (ગોંડલ) B.Com | સાધુ નિષ્કામહૃદયદાસ |
| અનિરુદ્ધ ભગત (ટોરોન્ટો) BBA | સાધુ કેશવપ્રેમદાસ | ધ્રુવ ભગત (આણંદ) B.C.A. | સાધુ અચલનિષ્ઠદાસ |
| શુકદેવ ભગત (ટોરોન્ટો) B.E. | સાધુ પરમસેવકદાસ | ઉત્તમ ભગત (વડોદરા) B.E. | સાધુ સેવાભૂષણદાસ |
| એકલવ્ય ભગત (લંડન) LLB | સાધુ ધવલમુનિદાસ | પુંડરિક ભગત (જામનગર) B.Sc. | સાધુ વર્ણીપ્રિયદાસ |
| વિભીષણ ભગત (લંડન) (Business & Admini.) | સાધુ શ્રીજીમનનદાસ | બલરામ ભગત (સુરત) B.E. | સાધુ સૌમ્યપુરુષદાસ |
| રંતિદેવ ભગત (રાજકોટ) B.A.M.S. | સાધુ દેવેશમુનિદાસ | અંશુમાન ભગત (ધુલિયા, મહારાષ્ટ્ર) B.E. | સાધુ પવિત્રમૂર્તિદાસ |
| મયૂરધ્વજ ભગત (વડોદરા) B. Tech. | સાધુ શ્રેયસમુનિદાસ | ભરત ભગત (અમરેલી) M.C.A. | સાધુ દેવમંગલદાસ |
| વિનાયક ભગત (જામનગર) PhD | સાધુ વેદકુશલદાસ | હાર્દિકભાઈ ઈશ્વરદાન નરેલા (ભાવનગર) B.E. | સાધુ સિદ્ધપુરુષદાસ |
| હરિશ્ચંદ્ર ભગત (રાજકોટ) B.E. | સાધુ સમર્થયોગીદાસ | | |

# સ્વામિનારાયણ અક્ષરધામ દિલ્હી ખાતે વિજયાદશમીના ઉપક્રમે યોજાયો વિશ્વશાંતિ મહાયજ્ઞ



દિલ્હીમાં અક્ષરધામ ખાતે દશેરાના પવિત્ર પર્વે યોજાયેલા વિશ્વશાંતિ મહાયજ્ઞમાં આહુતિ અર્પણ કરતા સંતો અને હરિભક્તો...

વેદો કહે છે કે યજ્ઞ એ પરમાત્માનું સ્વરૂપ છે. વિશ્વના ઇતિહાસમાં ધાર્મિક જગતનો સૌથી પ્રાચીન ધાર્મિક વિધિ યજ્ઞ છે. મંદિર, યજ્ઞપ્રધાન સંસ્કૃતિનું જ એક પવિત્ર ફળ છે. આજની નવી પેઢીમાં આ મંદિર અને યજ્ઞપરંપરાનું જતન-સંવર્ધન ગુણાતીત ગુરુવર્યો કરી રહ્યા છે. વૈદિક પરંપરાને અનુસરીને હજારોની સંખ્યામાં યજમાનો લાભ લઈ શકે તેવા મહાયજ્ઞો એ બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજ અને પ્રગટ બ્રહ્મસ્વરૂપ મહંત સ્વામી મહારાજની અનોખી દેન છે. તાજેતરમાં સ્વામિનારાયણ અક્ષરધામ દિલ્હી ખાતે વિજયાદશમી, તા. ૧૨-૧૦-૨૦૨૪ની સુપ્રભાતે એવો શ્રી સ્વામિનારાયણ વિશ્વશાંતિ મહાયજ્ઞ યોજાઈ ગયો. પરમ પૂજ્ય પ્રગટ બ્રહ્મસ્વરૂપ મહંત સ્વામી મહારાજના આશીર્વાદ સાથે યોજાયેલા આ મહાયજ્ઞમાં ૨૦૦૦ યજમાન ભક્તો-ભાવિકોએ યજ્ઞવિધિનો લાભ પ્રાપ્ત કરીને યજ્ઞનારાયણને આહુતિ અર્પણ કરી હતી.

રાજધાની દિલ્હીના કેન્દ્રમાં આવેલા વિશાળ સ્વામિનારાયણ અક્ષરધામ પરિસરમાં, મંદિર સમક્ષ આવેલા ખુલ્લા મેદાનમાં હરિભક્તોએ સેવાયજ્ઞ કરીને ૧૧૫ યજ્ઞકુંડની રચના કરી હતી. દશેરાની સુપ્રભાતે વેદોક્ત વિધિનો લાભ પ્રાપ્ત કરવા ઉત્સાહિત ભક્તો માંગલિક વસ્ત્રોમાં સજ્જ બનીને અક્ષરધામ પરિસરમાં આવી પહોંચ્યા હતા. શ્રી અક્ષરપુરુષોત્તમ મહારાજ, ગુણાતીત ગુરુપરંપરાની મૂર્તિઓ સમક્ષ મુખ્યકુંડ પર સંતો અને ઉપકુંડો પર યજમાન દંપતીઓ યજ્ઞવિધિ માટે આસનસ્થ થયાં. ૬:૦૦ વાગ્યે માંગલિક મુહૂર્તમાં સંતો અને ભૂદેવોએ યજ્ઞવિધિનો પ્રારંભ કરાવ્યો. સંતો અને બ્રાહ્મણવૃંદના વેદમંત્રોનો ઘોષ અને સૂચના અનુસાર સૌ યજમાનો વિધિને અનુસરવા લાગ્યા. વૈદિક મંત્રોચ્ચાર અને સત્સંગદીક્ષા ગ્રંથના માંગલિક શ્લોકગાનથી આજની સવાર મંગલમય બની ગઈ. અંતે યજ્ઞનારાયણને હુતદ્રવ્યો વડે વધાવીને સૌએ વ્યક્તિથી લઈ પરિવાર અને સર્વત્ર શાંતિ સ્થપાય તે માટે પ્રાર્થના કરી હતી.

યજ્ઞવિધિના મધ્યાંતરે સ્વામિનારાયણ અક્ષરધામના કોઠારી મુનિવત્સલદાસ સ્વામીએ પ્રાસંગિક ઉદ્‌બોધનમાં યજ્ઞ પરંપરાનું મહત્ત્વ સમજાવીને માંગલિક પ્રાર્થનાઓ કરી હતી. વિજયા દશમી એટલે આસુરી શક્તિ પર દૈવી શક્તિના વિજયનો અવસર. આપણા જીવનમાં દૈવી શક્તિ હંમેશાં વિજયી બની રહે એવી સંતોએ શુભ પ્રાર્થનાઓ કરીને આશીર્વાદ આપ્યા હતા. આમ, આ મહાયજ્ઞ એક અનોખો અવસર બની રહ્યો. ◆

# ઓસ્ટ્રેલિયાના બેરી શહેરમાં નૂતન બી.એ.પી.એસ. સ્વામિનારાયણ મંદિરનો મૂર્તિપ્રતિષ્ઠા ઉત્સવ




બેરી મંદિરમાં પ્રતિષ્ઠા ઉત્સવના ઉપક્રમે આયોજિત મહાપૂજાવિધિમાં રત ભક્ત સમુદાય અને પ્રતિષ્ઠિત દેવ સ્વરૂપો...

વિશ્વવંદનીય પ્રમુખસ્વામી મહારાજ અને પ્રગટ ગુરુહરિ મહંત સ્વામી મહારાજના આશીર્વાદથી એશિયા-પેસેફિક દેશોમાં સત્સંગ ઉત્તરોત્તર અભિવૃદ્ધિ પામી રહ્યો છે. *'એશિયા-પેસેફિકને ભક્તિથી રંગવું છે.'* - ગુરુહરિ મહંત સ્વામી મહારાજના આ સંકલ્પસૂત્રને ઓસ્ટ્રેલિયાના નિષ્ઠાવાન કાર્યકરો અને હરિભક્તો જીવનસૂત્ર બનાવીને સત્સંગની સતત અભિવૃદ્ધિ કરી રહ્યા છે. તેના ફળસ્વરૂપે ઓસ્ટ્રેલિયા અને ન્યૂઝીલેન્ડનાં અનેક શહેરોમાં સત્સંગની સાથે સાથે નૂતન બી.એ.પી.એસ. મંદિરો પણ નિર્માણ પામી રહ્યાં છે.

દક્ષિણ ઓસ્ટ્રેલિયાના રિવરલેન્ડ ક્ષેત્રમાં મૂરે નદીના કિનારે વસેલા ખૂબસૂરત શહેર બેરીમાં છેલ્લાં કેટલાંક વર્ષોથી બી.એ.પી.એસ. સ્વામિનારાયણીય સત્સંગ અભિવૃદ્ધિ પામ્યો છે. અહીં મંદિરની આવશ્યકતા ઊભી થતાં સ્થાનિક હરિભક્તો મંદિર નિર્માણ માટે કટિબદ્ધ થયા. ગુરુહરિના બળભર્યા આશીર્વાદથી અને હરિભક્તોના સેવા-સમર્પણથી નૂતન મંદિર રચાયું અને તેમાં મૂર્તિપ્રતિષ્ઠા ઉત્સવ શાનદાર રીતે યોજાઈ ગયો. આ ઉત્સવના ઉપક્રમે તા. ૧૯-૧૦-૨૦૨૪ના રોજ સવારે કલાત્મક રથોમાં પ્રતિષ્ઠિત થનાર મૂર્તિઓની શોભાયાત્રા બેરી શહેરના માર્ગો પર યોજાઈ હતી. આ ભક્તિમય શોભાયાત્રા સ્થાનિક લોકોમાં અનેરા આકર્ષણનું કેન્દ્ર બની હતી.

દ્વિતીય દિને સુપ્રભાતે બેરી ટાઉનહોલમાં સંતોની ઉપસ્થિતિમાં વેદોક્ત મહાપૂજાવિધિ યોજાયો હતો. તેમાં યજમાન ભક્તોએ ઠાકોરજીનો ષોડષોપચારે પૂજનવિધિ કરીને શુભસંકલ્પોની પૂર્તિ માટે વિશેષ પ્રાર્થના કરી હતી. ત્યારબાદ ગુરુહરિ મહંત સ્વામી મહારાજનાં કરકમળો વડે સારંગપુરમાં તા. ૨૨-૫-૨૦૨૪ના રોજ વેદોક્ત વિધિપૂર્વક પ્રતિષ્ઠિત થયેલી મૂર્તિઓનો સ્થાપનવિધિ પરમચિંતનદાસ સ્વામી અને અન્ય સંતોએ પૂર્ણ કર્યો હતો. પ્રતિષ્ઠાવિધિ બાદ સાંસ્કૃતિક કાર્યક્રમ યોજાયો હતો.

આ દ્વિદિવસીય ઉત્સવમાં બેરી બાર્મેરા કાઉન્સિલના શ્રી ઈયાન સ્કેલેઈન, કાઉન્સિલર શ્રી એન્ડ્રુ હેગ, કેમ્પબેલ ટાઉનના કાઉન્સિલર શ્રી જગદીશ લાખાણી, સિટી ઓફ વેસ્ટ ટોરેન્સના કાઉન્સિલર શ્રી સુરેન્દ્ર ચહલ ઉપરાંત હિન્દુ સમાજના અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા.

આ નૂતન મંદિર હવે સ્થાનિક ભારતીયોમાં હિન્દુ સંસ્કૃતિ, આધ્યાત્મિક મૂલ્યો અને પરંપરાની જ્યોતને પ્રજ્વલિત રાખવાનું ઉમદા કાર્ય કરતું રહેશે. તેમજ વિવિધ સેવા કાર્યોનું અનોખું કેન્દ્ર બની રહેશે. ◆

# અમેરિકાના લોસ એન્જલસ બી.એ.પી.એસ. સ્વામિનારાયણ મંદિરમાં ૧૫ દેશોના રાજદ્વારીઓએ માણ્યું દિવાળી પર્વ





લોસ એન્જલસ મંદિર ખાતે યોજાયેલા 'દિવાલી ફોર ડિપ્લોમેટ્સ' કાર્યક્રમમાં ૧૫ દેશોના રાજદ્વારીઓ...

દેશ અને દુનિયામાં હિન્દુ પરંપરાના ઉત્સવો તેના આધ્યાત્મિક મર્મ સાથે વધુ ને વધુ લોકપ્રિય બની રહ્યા છે. તેમાંનું એક ઉત્તમ ઉદાહરણ દીપાવલિ ઉત્સવ છે. પરમ પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજની પ્રેરણાથી દુનિયાના અનેક દેશોમાં ૧૬૦૦થી વધુ બી.એ.પી.એસ. સ્વામિનારાયણ મંદિરમાં ઊજવાતા દીપાવલિ પર્વનો પ્રભાવ, વિવિધ દેશોનાં સંસદ ભવનો અને પ્રેસિડેન્ટ હાઉસ સુધી પહોંચ્યો છે. અનેક દેશોના રાજદૂતો પણ હવે દીપાવલિ પર્વમાં જોડાઈને આ હિન્દુ ઉત્સવના ગૌરવમાં ઉમેરો કરી રહ્યા છે.

તાજેતરમાં ગુરુહરિ પૂજ્ય મહંત સ્વામી મહારાજના આશીર્વાદ સાથે ઠેર ઠેર ઊજવાયેલા આવા દીપાવલિ પર્વમાં, અમેરિકાના લોસ એન્જલસ મહાનગરના બી.એ.પી.એસ. સ્વામિનારાયણ મંદિર (ચિનોહિલ્સ) ખાતે તા. ૧૭-૧૦-૨૦૨૪ના રોજ વિશિષ્ટ દીપાવલિ પર્વ ઊજવાઈ ગયું. આ પ્રસંગે જુદા જુદા દેશોના રાજદૂતોએ ભાગ લીધો હતો. 'દિવાલી ફોર ડિપ્લોમેટ્સ' શીર્ષક હેઠળ યોજાયેલા આ કાર્યક્રમમાં ૧૫ દેશના રાજદૂતો ઉપસ્થિત રહ્યા હતા.

આ કાર્યક્રમમાં ભારત ઉપરાંત હંગેરી, સ્વિત્ઝર્લેન્ડ, પોલેન્ડ, સ્લોવાકિયા, આર્મેનિયા, કેન્યા, ટોગો, કંબોડિયા, ઇન્ડોનેશિયા, ફિલિપિન્સ, પલાઉ, ફીજી દેશના રાજદ્વારીઓ તેમજ યુ.એસ.એ. કેલિફોર્નિયાના ડિપાર્ટમેન્ટ ઓફ સ્ટેટ સેન્ટ વિન્સેન્ટ અને લોસ એન્જલસ વર્લ્ડ અફેર્સ કાઉન્સિલના પ્રતિનિધિઓ ઉપસ્થિત રહ્યા હતા.

આ રાજદ્વારીઓનું લોસ એન્જલસ મંદિર પરિસરમાં સંગીતમય સુરાવલિ સાથે પુષ્પહારથી સ્વાગત કરવામાં આવ્યું. સત્કાર સ્વીકારીને આ મહાનુભાવોએ મંદિરમાં વિરાજમાન મૂર્તિઓ સમક્ષ પુષ્પાંજલિ અર્પણ કરીને શ્રી નીલકંઠવર્ણી મહારાજ પર જલાભિષેક કર્યો હતો. ત્યારબાદ સૌએ મંદિરની સ્થાપત્યશૈલી, મંદિરની કલાકોતરણીમાં સમાહિત ભારતીય સંસ્કૃતિનાં મૂલ્યો અને મંદિરના મહત્ત્વને જાણ્યું હતું.

મંદિરની સ્થાપત્યશૈલી અને સંચાલનથી પ્રભાવિત થયેલા કેન્યાના કોન્સલ જનરલ શ્રી એઝા ચિલોબાએ કહ્યું: 'કેન્યામાં ભારતીય સમુદાય વર્ષોથી રહે છે અને સ્વભાવગત લોકો સાથે હળીમળીને રહે છે. મંદિર પરિસરની પરિક્રમા અને સંસ્કૃતિનો અભ્યાસ કરીને હું ખૂબ પ્રસન્ન થયો છું. અહીં મંદિરના સ્થાપત્યમાં હિન્દુ સંસ્કૃતિ અને તેનાં મૂલ્યો અદ્ભુત રીતે કંડારાયેલાં છે.'

મંદિર મુલાકાત બાદ રાજદ્વારીઓ સ્વામિનારાયણ

હવેલીમાં પધાર્યા હતા અને સુંદર કોતરણીયુક્ત કલાકૃતિઓમાં ઝળહળતા દીપોને નિહાળી મંત્રમુગ્ધ થઈ ગયા હતા.

અહીં યોજાયેલા પ્રાસંગિક સમારોહમાં યુનાઈટેડ સ્ટેટ્સ ડિપાર્ટમેન્ટ ઓફ સ્ટેટના અગ્રણી નેતા શ્રી મેટ કાવેકીએ કહ્યું કે દિવાળીના ઉત્સવ બદલ આપ સૌને અભિનંદન. પારસ્પરિક સંવાદિતાને જગાડીને વિશ્વશાંતિનો પ્રયાસ કરવા વિવિધ દેશોના રાજકીય પ્રતિનિધિઓને લોસ એન્જલસમાં નિમંત્રવા બદલ હું બી.એ.પી.એસ. સંસ્થાનો આભાર માનું છું. મંદિર મુલાકાતથી હું ગૌરવ અનુભવું છું કે વિવિધ સમુદાયોની અમેરિકા પ્રત્યેની નિષ્ઠાના કારણે અમેરિકા દેશ વધુ સમૃદ્ધ બની શક્યો છે.

અબુધાબી બી.એ.પી.એસ હિન્દુ મંદિર વતી બ્રહ્મવિહારીદાસ સ્વામીએ વીડિયો પ્રવચનમાં સૌને વૈશ્વિક સંવાદિતાનો શુભ સંદેશ પાઠવ્યો હતો. સાન ફ્રાન્સિસ્કો સ્થિત ભારતના ડે. કોન્સલ જનરલ શ્રી રાકેશ અડલાખાએ કહ્યું કે દિવાળીનો ઉત્સવ એકબીજાને સમજવાની અને ક્ષમા કરવાની તક પૂરી પાડે છે. ભારતીય સંસ્કૃતિ અને સભ્યતામાં વૈશ્વિક શાંતિ અને એકતાને પલ્લવિત કરવાના ગુણો છે.

એલ.એ. શહેરના સ્થાનિક રહીશોએ પણ આ સુંદર કાર્યક્રમનું આયોજન કરીને વિશ્વને પ્રેરક સંદેશ આપવા બદલ બી.એ.પી.એસ. મંદિરના શુભ પ્રયત્નોને બિરદાવ્યા હતા. ◆

## મુંબઈ ખાતે બી.એ.પી.એસ. મંદિરમાં અન્નકૂટનાં દર્શને ૧૧ દેશના રાજદ્વારીઓ



મુંબઈમાં બી.એ.પી.એસ. સ્વામિનારાયણ મંદિર, દાદર ખાતે અન્નકૂટોત્સવે દર્શનાર્થે પધારીને ૧૧ દેશના રાજદૂત-રાજદ્વારીઓએ દીપાવલિ પર્વને માણ્યું હતું.

વિક્રમ સંવત ૨૦૮૧ના પ્રથમ દિને, નૂતન વર્ષારંભે મહાનગર મુંબઈના દાદર ખાતેના બી.એ.પી.એસ. સ્વામિનારાયણ મંદિરમાં વિરાજમાન મૂર્તિઓ સમક્ષ ૧૭૦૦થી વધુ વાનગીઓનો ભવ્ય અન્નકૂટોત્સવ રચાયો હતો. આ ભવ્ય અને દિવ્ય અન્નકૂટ ઉત્સવનાં દર્શન કરવા સમગ્ર મુંબઈમાંથી હરિભક્તો ઉત્સાહપૂર્વક પધાર્યા હતા.

નોંધનીય બાબત એ હતી કે ભારતીય સંસ્કૃતિની સમૃદ્ધ ઉત્સવ પરંપરાના શિરમોર સમા આ દીપાવલિ-અન્નકૂટ ઉત્સવને માણવા ભારતમાં વિવિધ દેશોનું પ્રતિનિધિત્વ કરતા ૧૧ દેશોના કોન્સલ જનરલ અને પ્રતિનિધિઓ સપરિવાર પધાર્યા હતા. આ વિશિષ્ટ કાર્યક્રમના આયોજનમાં રિપબ્લિક ઓફ જિબોટીના ઓનરરી કોન્સલે ખૂબ જહેમત લીધી હતી.

મંદિરમાં પધારેલા યુ.કે.ના હાઈકમિશનર, ઘાના અને નિકારાગુઆના હાઈકમિશનર તથા સ્વીડન, ચીન, ઈન્ડોનેશિયા, બેલારુસ, ચીલી, શ્રીલંકા અને હંગેરીના કોન્સલ જનરલ અને અન્ય પ્રતિનિધિઓ તેમજ તેમના કુટુંબીજનોનું પુષ્પહારથી સંસ્થા વતી ભાવભીનું સ્વાગત કરવામાં આવ્યું હતું.

સૌ રાજદ્વારીઓએ મંદિરના વિવિધ ખંડોમાં મનોહર મૂર્તિઓ સમક્ષ રચાયેલા ભવ્ય અન્નકૂટનાં દર્શન કરીને ઉત્સવની દિવ્યતાને મન ભરીને માણી હતી. આ સનાતન ધર્મના પવિત્ર ઉત્સવની આવી ગૌરવવંતી ઉજવણીથી પ્રભાવિત થઈને સૌ મહાનુભાવોએ સુંદર પ્રતિભાવો આપ્યા હતા.

સ્વયંસેવકોએ રાજદ્વારીઓને દીપાવલિ અને અન્નકૂટ ઉત્સવ પર્વનો પારંપરિક મર્મ સમજાવ્યો હતો. સૌએ ભક્તિભાવપૂર્વક આરતી અર્ઘ્ય પણ અર્પણ કર્યું હતું.

સૌ અતિથિઓએ આપેલા પ્રતિભાવોમાં એક જ સૂર પડઘાતો હતો કે અમે સમગ્ર જીવન દરમિયાન આવી સકારાત્મક અને પવિત્ર અનુભૂતિ ક્યારેય કરી નથી. કેટલાક મહાનુભાવોએ તો એમ પણ કહ્યું હતું કે આવી રસોઈકળા અમે ક્યારેય નિહાળી નથી. શાકાહારી વાનગીઓનું આવું વૈવિધ્ય પણ રોમાંચક છે. સૌને એ જાણીને આશ્ચર્ય થયું કે ભારત જુદા જુદા પ્રાંતોની કેટલી બધી વિવિધતા ભરી વાનગીઓનો આગવો વારસો ધરાવે છે. આવી અવનવી અનુભૂતિઓ સાથે અતિથિઓ પ્રસન્ન ચહેરે વિરલ સ્મૃતિઓ હૃદયસ્થ કરીને વિદાય થયા હતા. ◆

# સુરત ખાતે જૈનાચાર્ય પૂજ્ય મહાશ્રમણજી અને બી.એ.પી.એસ.ના સંતો વચ્ચે યોજાયો આંતર શ્રદ્ધા સંવાદ






સુરતમાં જૈન શ્વેતાંબર તેરાપીઠ દ્વારા આયોજિત આંતર શ્રદ્ધા સંવાદ કાર્યક્રમમાં ઉપસ્થિત બી.એ.પી.એસ. સંતમંડળ...

તા. ૧૮-૧૦-૨૦૨૪ના રોજ સુરતની ભગવાન મહાવીર યુનિવર્સિટી ખાતે જૈન શ્વેતાંબર તેરાપીઠ દ્વારા જૈન આચાર્ય મહાશ્રમણજીની નિશ્રામાં આંતર શ્રદ્ધા સંવાદનું આયોજન થયું હતું. ચાતુર્માસ ઉજવણી નિમિત્તે યોજાયેલા આ કાર્યક્રમમાં ગુરુહરિ મહંત સ્વામી મહારાજ વતી બી.એ.પી.એસ. સંસ્થાના વિદ્વાન સંત પૂજ્ય નારાયણમુનિદાસ સ્વામી સહિત ૨૮ સંતો ઉપસ્થિત રહ્યા હતા. આ નિમિત્તે યોજાયેલી ધર્મસભાનો લાભ પ્રાપ્ત કરવા ૩૦૦૦થી વધુ જૈન ભક્તો-શ્રાવકો પધાર્યા હતા.

આધ્યાત્મિકતાને સમૃદ્ધ કરતા આ આંતર શ્રદ્ધા સંવાદમાં ભાગ લેવા પધારેલા સંતમંડળનું જૈનાચાર્ય મહાશ્રમણજીએ પરંપરાગત પ્રણાલિકા અનુસાર સ્વાગત કર્યું હતું. જૈન તેરાપંથ પરંપરાના અગિયારમા આચાર્ય શ્રી મહાશ્રમણજીએ લાખો લોકોમાં તેરાપંથ મૂલ્યોના પાઠ દૃઢાવીને આધ્યાત્મિકતાનું સિંચન કર્યું છે.

સંતો સાથેની મુલાકાતમાં તેમણે તેમના ગુરુ આચાર્ય મહાપ્રજ્ઞજી અને બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજ વચ્ચેના ગાઢ સંબંધોનાં દિવ્ય સંસ્મરણોની સ્મૃતિ કરી હતી. નવી દિલ્હી ખાતે સન ૨૦૦૫માં આ બંને ગુરુવર્યો વચ્ચેની મુલાકાત તેમજ બંને સંપ્રદાયો વચ્ચેનાં વર્ષો જૂના ગાઢ સંબંધો, પારસ્પરિક આદર અને આધ્યાત્મિક વિચારોની સમાનતાને યાદ કર્યા હતા. બંને સંપ્રદાયો વચ્ચે પરસ્પર આંતરધર્મ સંવાદિતા અને આધ્યાત્મિક મૂલ્યોની આપ-લે થાય તે માટે આ સંવાદે મંચ પૂરો પાડ્યો હતો. આચાર્ય શ્રી મહાશ્રમણજીએ આનંદ વ્યક્ત કરીને કહ્યું હતું કે આવનારા સમયમાં બંને સંપ્રદાયો વચ્ચેના પારસ્પરિક સંબંધો વધુ ગાઢ અને પલ્લવિત થતા રહેશે. આ મુલાકાત દરમ્યાન ધાર્મિક સમાદરતા અને સંવાદિતાનો વિશિષ્ટ માહોલ રચાયો હતો.

આ પ્રસંગે ભક્તો-ભાવિકોની ઉપસ્થિતિમાં યોજાયેલી જાહેર સભામાં નારાયણમુનિદાસ સ્વામીએ મહંત સ્વામી મહારાજનો સંદેશ પાઠવીને આંતર શ્રદ્ધા, વૈશ્વિક સંવાદિતા અને શાંતિની આવશ્યકતા ઉપર પ્રકાશ પાથર્યો હતો. આ મંચ ઉપરથી યોજાતા આંતર વિશ્વાસ સંવાદને સફળતા સાંપડે અને આ બંને સંપ્રદાયો વચ્ચેના સંબંધો વધુ સુદૃઢ બને તે માટે ગુરુહરિ મહંત સ્વામી મહારાજે પાઠવેલા પત્રનું વાંચન કર્યું હતું. બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજ અને ગુરુહરિ મહંત સ્વામી મહારાજના જીવન, કાર્ય અને સંદેશને વર્ણવીને અંતે વિશ્વભરમાં શાંતિ પ્રવર્તે તે માટે પ્રાર્થના કરી હતી. ◆

# સારંગપુર સ્થિત બી.એ.પી.એસ. યુવા તાલીમ કેન્દ્ર દ્વારા ગામડે ગામડે યોજાયું અંતરજાગૃતિ પર્વ-૨૦૨૪






અંતરજાગૃતિ પર્વ અંતર્ગત યુવાનોએ ૪૬૪ ગામડાંઓમાં વિચરણ કરીને પ્રસરાવ્યાં સત્સંગ-ભક્તિનાં આંદોલનો...


બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજ દ્વારા સ્થાપિત અને પ્રગટ બ્રહ્મસ્વરૂપ મહંત સ્વામી મહારાજ દ્વારા પોષિત સારંગપુર સ્થિત યુવા તાલીમ કેન્દ્ર એટલે યુવાનોના સર્વાંગી ઘડતરનું કેન્દ્ર. સન ૨૦૦૭થી સારંગપુર ખાતે બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજે આરંભેલું આ યુવા તાલીમ કેન્દ્ર યુવાનોને સર્વાંગી તાલીમ આપે છે. ચારિત્ર્ય ઘડતર, જ્ઞાન, કલા-કૌશલ્ય, સેવા, સંયમ, સ્વાવલંબી બનવા જેવી અનેકવિધ ગુણમયી કેળવણી યુવાનોને આ તાલીમ કેન્દ્રમાંથી મળે છે. છ મહિનાની આ સઘન તાલીમ દરમ્યાન યુવામાનસ સંયમિત અને નિયમિત બનીને અનેકવિધ ક્ષેત્રે મહોરી ઊઠે છે.

તાલીમાર્થીઓનું જીવન-ઘડતર થાય, ગુણાતીત ગુરુવર્યોએ કરેલા અથાક વિચરણ અને કાર્યનો વિશેષ પરિચય થાય તેમજ હરિભક્તોના પ્રેરણાદાયી જીવનમાંથી સત્સંગનાં મૂલ્યોની પ્રેરણા મળે તે હેતુથી આ તાલીમ દરમ્યાન અંતરજાગૃતિ પર્વ યોજવામાં આવે છે. સન ૨૦૨૪ના દ્વિતીય સત્રના ૧૯૭ તાલીમાર્થી યુવકોએ કુલ ૪૮ વૃંદમાં તા. ૨૪-૯-૨૦૨૪ થી તા. ૩-૧૦-૨૦૨૪ દરમ્યાન યોજાયેલા અંતરજાગૃતિ પર્વમાં ગુજરાત, મહારાષ્ટ્ર અને રાજસ્થાનનાં અલગ-અલગ ક્ષેત્રોમાં વિચરણ કર્યું હતું. આ સત્ર દરમ્યાન તાલીમાર્થીઓએ કુલ ૪૬૪ ગામડાંમાં વિચરણ કર્યું અને કુલ ૬,૧૯૭ ઘરોમાં સંપર્ક કર્યો હતો. લોકોનો વ્યક્તિગત સંપર્ક કરીને તેઓને તેમને અઠવાડિક સત્સંગ સભા, નિત્યપૂજા, નિત્ય મંદિર દર્શન, સદ્‌ગ્રંથોનું વાંચન, એકાદશી ઉપવાસ, ઘરસભા વગેરે જેવાં ધાર્મિક કાર્યો કરવાની પ્રેરણા આપી હતી. આ વિચરણ દરમ્યાન ૪૧૭ સંયુક્ત સભાઓ થઈ, જેમાં ૨૧,૬૨૩ ગ્રામજનોએ સત્સંગલાભ પ્રાપ્ત કર્યો હતો. સાથે સાથે ૧૭૧ બાળસભા અને ૩૧૭ શાળાઓમાં સભા થઈ, જેમાં ૫૭,૧૬૪ બાળકો-વિદ્યાર્થીઓએ તાલીમાર્થીઓ દ્વારા પ્રસ્તુત થયેલા પ્રેરક કાર્યક્રમનો લાભ લીધો હતો. આ તાલીમાર્થીઓએ ૧,૩૦૦ જેટલા વ્યસનીઓને રૂબરૂ મળીને વ્યસનમુક્ત થવાની પ્રેરણા આપી હતી.

યુવા તાલીમ કેન્દ્ર આયોજિત આ વિશિષ્ટ પ્રવૃત્તિ દ્વારા હજારો વ્યક્તિઓને ખૂબ સમાસ થયો અને સત્સંગમાં એક ડગલું આગળ વધવાની પ્રેરણા મળી હતી. વિશેષ તો તાલીમાર્થી યુવકોને એક વિરલ મહિમા-દૃષ્ટિ પ્રાપ્ત થઈ હતી. ઉલ્લેખનીય છે કે યુવા તાલીમ કેન્દ્રમાંથી આવી કેળવણી પામીને હજારો યુવાનો ઉન્નત નાગરિક બનીને ભારતીય સંસ્કૃતિની સેવામાં યોગદાન આપી રહ્યા છે. ◆

# ભવ્ય અને અપૂર્વ કાર્યકર સુવર્ણ મહોત્સવ નિહાળો આસ્થા ચેનલ અને સંસ્થાની વેબસાઈટ પર





**જીવંત પ્રસારણ**

**તા. ૭ ડિસેમ્બર ૨૦૨૪, શનિવાર, સાંજે ૫:૦૦ વાગ્યાથી**

live.baps.org | **આસ્થા ટીવી ચેનલ**



## ‘સ્વામિનારાયણ પ્રકાશ’ હવે ડિજિટલ સ્વરૂપે

### આપના મોબાઈલ ફોનમાં એપ્લિકેશન દ્વારા થશે ઉપલબ્ધ...



બ્રહ્મસ્વરૂપ શાસ્ત્રીજી મહારાજે સન ૧૯૩૮માં આર્ષદૃષ્ટિથી આધ્યાત્મિક માસિક ‘સ્વામિનારાયણ પ્રકાશ’નો આરંભ કર્યો હતો. બ્રહ્મસ્વરૂપ યોગીજી મહારાજ અને બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજની કૃપાદૃષ્ટિથી આ સામયિક સતત અદ્યતન રૂપ-રંગ ધારણ કરીને હજારો પરિવારોમાં સત્સંગની દિવ્ય સૌરભ પ્રસરાવી રહ્યું છે. શીલ, સંસ્કાર અને ભક્તિ-ઉપાસનાને પુષ્ટિ કરતા આ સામયિકમાં પ્રસ્તુત થતા સત્સંગ, સદાચાર, આરોગ્ય વિષયક ઊંડાણસભર લેખો, પ્રગટ ગુરુહરિના દિવ્ય વિચરણના સમાચાર અને બી.એ.પી.એસ. સંસ્થાના સમાચારોએ સત્સંગી પરિવારમાં વર્ષોથી આગવું આકર્ષણ જમાવ્યું છે. પ્રગટ બ્રહ્મસ્વરૂપ મહંત સ્વામી મહારાજની આજ્ઞાથી હવે સ્વામિનારાયણ પ્રકાશ તેની આ પ્રિન્ટ આવૃત્તિ ઉપરાંત મોબાઇલ એપ્લિકેશન સ્વરૂપે આપની સમક્ષ આવી રહ્યું છે.

હવે એક જ એપ્લિકેશનમાં વાંચકો પાસે પ્રકાશના જૂના અંકો, નવા-નવા રસપ્રદ લેખો તેમજ રોજબરોજના સત્સંગ સમાચાર આવતા રહેશે.

- વિવિધ બી.એ.પી.એસ. કેન્દ્રોમાં થતા લોકસેવા અને આધ્યાત્મિક કાર્યક્રમોના તાજા અને વિગતપૂર્ણ સમાચાર.
- પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજના વિચરણના સમાચાર.
- માહિતીસભર અને જ્ઞાનસમૃદ્ધ લેખોની શ્રેણી.
- પૂર્વે મુદ્રિત થયેલા પ્રકાશના ડિજિટલ અંક.
- આધ્યાત્મિક ગોષ્ઠિ-વાર્તાલાપ-પોડકાસ્ટ.
- અન્ય ઘણી-બધી નવી-નવી આકર્ષક રજૂઆતો.


‘સ્વામિનારાયણ પ્રકાશ’ની આ એપ્લિકેશન તારીખ ૭-૧૨-૨૦૨૪ના રોજ કાર્યકર સુવર્ણ મહોત્સવમાં પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજના હસ્તે ઉદ્‌ઘાટિત થઈ રહી છે. એન્ડ્રોઇડ અને એપલ ફોન પર પ્લે-સ્ટોર અથવા એપ-સ્ટોર પરથી ફ્રી ડાઉનલોડ કરીને નિત્ય ‘સ્વામિનારાયણ પ્રકાશ’ની આ મોબાઈલ આવૃત્તિને સરળતાથી માણો... ◆

## ભક્તરાજ શ્રી કનુભાઈ બાબુભાઈ અમીન, મુંબઈ, ઉં.વ. ૯૪, અક્ષરવાસઃ તા. ૨૦-૧૦-૨૦૨૪



મુંબઈ બી.એ.પી.એસ. સત્સંગ મંડળના સંનિષ્ઠ ભક્તરાજ શ્રી કનુભાઈ બાબુભાઈ અમીનના અક્ષરવાસથી મુંબઈના સત્સંગ સમુદાયને એક નિષ્ઠાવાન અને પીઢ હરિભક્તની ખોટ પડી છે. બ્રહ્મસ્વરૂપ યોગીજી મહારાજ, બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજ અને પ્રગટ બ્રહ્મસ્વરૂપ મહંત સ્વામી મહારાજના કૃપાપાત્ર આ ભક્તરાજે મુંબઈના વિલેપાર્લે તેમજ શાંતાક્રુઝ વિસ્તારના સત્સંગ-વિકાસમાં નોંધપાત્ર ફાળો આપીને કેટલાય લબ્ધ પ્રતિષ્ઠિત અને ગર્ભશ્રીમંત મુમુક્ષુઓને સત્સંગનો રંગ લગાડ્યો હતો. પૂજ્ય સંત સ્વામી અને ભક્તરાજ હર્ષદભાઈ દવેની સાથે વર્ષો સુધી સત્સંગ-કથાવાર્તાનો લાભ પ્રાપ્ત કરીને અક્ષર-પુરુષોત્તમની શુદ્ધ સ્વરૂપનિષ્ઠા જીવમાં દૃઢ કરી હતી. એકાદશી મંડળના આ અગ્રણી ભક્તરાજે મુંબઈ બી.એ.પી.એસ. મંદિર તરફથી દહાણુ ખાતે પ્રથમવાર જ આયોજિત સત્સંગ શિબિરમાં તેમણે મોટી સંખ્યામાં પ્રતિષ્ઠિત લોકોને આ શિબિરનો લાભ અપાવ્યો હતો. પ્રાપ્તિના કેફથી છલકાતા આ સમર્પિત ભક્તરાજ હંમેશાં બળની અને સેવાની જ વાત કરતા અને અન્યને પણ તે જ પ્રકારે પ્રેરણા આપતા. કથાવાર્તાના ઈશકી આ ભક્તરાજ પોતાના યોગમાં આવનારને વચનામૃત અને સ્વામીની વાતોના આધારે સત્પુરુષ અને સત્સંગનો મહિમા દૃઢાવતા. કથાવાર્તાની સાથે સાથે સેવા કરવા-કરાવવામાં પણ એટલા જ ઉત્સાહિત આ ભક્તરાજે સન ૧૯૯૩માં મહારાષ્ટ્રના લાતુર વિસ્તારમાં આવેલા વિનાશક ભૂકંપ વખતે, સંસ્થા દ્વારા દત્તક લીધેલા સમુદ્રાલ ગામના નવસર્જનમાં એન્જિનિયર તરીકે સેવા બજાવીને સંસ્થાના સેવાકાર્યને શોભાવ્યું હતું. દાયકાઓ સુધી મુંબઈ સત્સંગ મંડળમાં અનેકવિધ સેવાઓ કરીને તેમણે પૂજ્ય કોઠારી ભક્તિપ્રિયદાસ સ્વામી સહિત સદ્ગુરુ સંતોનો અનન્ય રાજીપો પ્રાપ્ત કર્યો હતો. આમ, સત્પુરુષ તેમજ સત્સંગમાં અનન્ય નિષ્ઠા, મંદિર પ્રત્યે મમત્વ, ખુમારીસભર સેવા, ઉત્સાહી, પ્રેમાળ, સરળ અને નમ્ર સેવક એવા સદ્ગુણોથી સંપન્ન આ ભક્તરાજ સાચા અર્થમાં અમીન હતા. સમગ્ર જીવન દરમ્યાન શુદ્ધ ઉપાસના અને પ્રગટ સત્પુરુષમાં નિર્દોષબુદ્ધિ સાથે એક રહેણીકરણી, ધર્મનિયમની અતિશય દૃઢતા અને પવિત્ર જીવન જીવનારા આ ભક્તરાજે યોગીજી મહારાજ, પ્રમુખસ્વામી મહારાજ તેમજ પ્રગટ ગુરુહરિ મહંત સ્વામી મહારાજની અપાર પ્રસન્નતા પ્રાપ્ત કરી છે. આવા ભક્તરાજ શ્રી કનુભાઈ અમીનને હાર્દિક શ્રદ્ધાંજલિ. - સાધુ જ્ઞાનપ્રિયદાસ (હ્યુસ્ટન, યુ.એસ.એ.)

## ભક્તરાજ શ્રી દેવજીભાઈ મુળજીભાઈ ચાવડા, જૂનાગઢ, ઉં.વ. ૮૦. અક્ષરવાસઃ તા. ૮-૧૧-૨૦૨૪



જૂનાગઢના સંનિષ્ઠ ભક્તરાજ શ્રી દેવજીભાઈ ચાવડા સન ૧૯૮૩થી સત્સંગ પ્રવૃત્તિમાં કાર્યકર તરીકેની સેવામાં જોડાયા હતા. તેઓને ઉચ્ચ પદની નોકરી હોવા છતાં નિર્માનીભાવથી હિંમતનગર તથા વેરાવળ ક્ષેત્રના લોઢવા અને માંગરોળ બંદર વિસ્તારમાં સત્સંગવિકાસમાં અનેકવિધ સેવાઓ કરીને તેમણે સત્સંગની અભિવૃદ્ધિ કરી હતી. બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજની આજ્ઞાથી સન ૨૦૦૧માં પોરબંદર મંદિરમાં અને ત્યારબાદ જૂનાગઢ બી.એ.પી.એસ. મંદિરમાં શ્રી નીલકંઠવર્ણી મહારાજ અભિષેક-મંડપમ્‌માં તેમણે ખૂબ સેવાઓ કરી. વેરાવળ ખાતે બી.એ.પી.એસ. મંદિરના નિર્માણ માટે ભૂમિ-દાનની સેવા ઉપરાંત તન, મન અને ધનથી વિવિધ સેવાઓ કરીને ગુણાતીત ગુરુવર્યોની ખૂબ પ્રસન્નતા પ્રાપ્ત કરી હતી. તેઓને હાર્દિક શ્રદ્ધાંજલિ...

## બી.એ.પી.એસ. સ્વામિનારાયણ વિદ્યામંદિર, ગોંડલ — પ્રવેશ અંગે

વર્ષોથી શ્રેષ્ઠ પરિણામો માટે વિખ્યાત એવા ગોંડલ ગુરુકુળમાં જૂન ૨૦૨૫થી ગુજરાતી તેમજ અંગ્રેજી માધ્યમમાં(ફક્ત ગુજરાત બોર્ડ) ધોરણ ૬ થી ૯ તેમજ ધોરણ ૧૧ સામાન્ય પ્રવાહ અને વિજ્ઞાન પ્રવાહમાં પ્રવેશ મેળવવા ઇચ્છતા વિદ્યાર્થીઓએ https://svmgondal.baps.edu.in/welcome પરથી તા. ૧૫ ડિસેમ્બર, ૨૦૨૪ પછીથી રજિસ્ટ્રેશન કરાવવાનું રહેશે.

પરીક્ષાનો સમય અને પરીક્ષાનું માળખું અને અન્ય જરૂરી વિગતો સંસ્થાની વેબસાઇટ

https://www.baps.org/SVM/Gondal/Gondal.aspx પરથી પ્રાપ્ત થશે.

**નોંધ :** પ્રવેશ પરીક્ષાના રાઉન્ડની માહિતીથી અપડેટ રહેવા માટે સમયાંતરે વેબસાઇટની મુલાકાત અવશ્ય લેવી.

**સંપર્ક :** સ્વામીશ્રી જ્ઞાનજીવનદાસજી ગુરુકુળ - ગોંડલ, કોટડા સાંગાણી રોડ, ગોંડલ - ૩૬૦ ૩૧૧

**ફોન નં. :** ૯૯૯૮૯૯૨૨૯૦, **ઈ-મેઈલ :** admin.svmgdl@baps.edu.in











**ગાંધીનગરમાં સ્વામિનારાયણ અક્ષરધામમાં તપોમૂર્તિ શ્રી નીલકંઠવર્ણીની ૪૯ ફૂટ ઊંચી મૂર્તિનું સ્થાપન**

**પાટનગર ગાંધીનગર ખાતે તા. ૧૧-૧૧-૨૦૨૪ની પ્રાતઃ સવારે શ્રી નીલકંઠવર્ણીના વેદોક્ત મૂર્તિપ્રતિષ્ઠા પ્રસંગે વિશાળ અક્ષરધામના પરિસરમાં હજારો હરિભક્તોએ વિશ્વશાંતિ મહાયજ્ઞમાં જોડાઈને યજ્ઞનારાયણને આહુતિ આપી હતી. યજ્ઞવિધિ બાદ પૂજ્ય મહંત સ્વામી મહારાજે શ્રી નીલકંઠવર્ણીની મૂર્તિનાં પ્રતિષ્ઠા - પૂજન કર્યાં હતાં. આ પ્રસંગે વરિષ્ઠ પૂજ્ય કોઠારી ભક્તિપ્રિયદાસ સ્વામી, પૂજ્ય ત્યાગવલ્લભદાસ સ્વામી, પૂજ્ય ઈશ્વરચરણદાસ સ્વામી, પૂજ્ય વિવેકસાગરદાસ સ્વામી, પૂજ્ય આનંદસ્વરૂપદાસ સ્વામી વગેરેએ પણ ભાગ લીધો હતો. જ્યાં તપોમૂર્તિ નીલકંઠવર્ણીએ આ મુદ્રામાં ઊભા રહીને તપ કર્યું હતું એ મુક્તિનાથ તીર્થની સ્મૃતિ સાથે, મૂર્તિની ચારે તરફ મૂકેલ ગૌમુખ-જળધારાઓ નિહાળતા સ્વામીશ્રી. મૂર્તિ સમક્ષ અગરબત્તી પ્રગટાવીને ભક્તો દ્વારા થનારાં ધૂપ-પ્રાર્થનાનો પ્રારંભ કરતા સ્વામીશ્રી.**

Swaminarayan Prakash Gujarati, December 2024, Published on 1-12-2024. Posted at Ahmedabad, P.S.O. 1st to 4th on Every Month. Regd No. GAMC-274/2024-2026, Valid upto 31-12-2026, RNI 33506/79. Licenced to post without prepayment No. PMG/NG/009/2024-2026, Valid upto 31-12-2026.













**વિદેશોની પાર્લામેન્ટોમાં દીપાવલિ-અન્નકૂટ પર્વ...**
**ગૃહમંત્રીશ્રી અમિતભાઈ શાહ સારંગપુરમાં દર્શનાર્થે...**

વિદેશોની પાર્લામેન્ટોમાં દીપાવલિ-અન્નકૂટનું હિન્દુ પર્વ હવે ગૌરવ સાથે ઊજવાય છે. અમેરિકા તથા ઓસ્ટ્રેલિયાનાં પાર્લામેન્ટ ભવનોમાં રાષ્ટ્રીય મહાનુભાવોની ઉપસ્થિતિમાં ઊજવાયેલ અન્નકૂટોત્સવની સ્મૃતિછબિઓ. ● તા. ૧૩-૮-૨૦૨૪ના રોજ ગૃહમંત્રી શ્રી અમિતભાઈ શાહે તીર્થધામ સારંગપુર ખાતે પ્રમુખ-સ્વામી મહારાજના સ્મૃતિ મંદિરે ભાવાંજલિ અર્પી હતી. અહીં સંત તાલીમ કેન્દ્રમાં પધારી તેમણે સંતોની સેવાને બિરદાવી હતી.


Printed and Published by Sadhu Keshavjivandas on behalf of Swaminarayan Aksharpith. Printed at Swaminarayan Mudran Mandir, Shahibaug Rd., Ahmedabad - 4 and published from Swaminarayan Aksharpith, Shahibaug Rd., Ahmedabad-4. Editor - Sadhu Swayamprakashdas